# :- વાર્ષિક વહીવટી અહેવાલ :-

## સને- ૨૦૧૧-૧૨

................................................................................................................

................................................................................................................

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ
બ્લોક નં-૧૪, પાંચમો માળ, સરદાર ભવન
સચિવાલય, ગાંધીનગર

*************************************************************

# :- વાર્ષિક વહીવટી અહેવાલ :-

## સને- ૨૦૧૧-૧૨

## અનુક્રમણિકા


| અ.ન. | વિષય સૂચિ | પાના નં. |
|---|---|---|
| ૧. | વિભાગને લગતી યોજના હેઠળ ફાળવણી ઉપાડ અને વિતરણ અંગેની વિગત | ૧ થી ૯ |
| ૨. | નવી વાજબી ભાવની દુકાન મંજુર કરવાની પ્રગતિ | ૧૧ થી ૧૯ |
| ૩. | અન્ન નિયંત્રકશ્રી,અમદાવાદની કચેરીની કામગીરી | ૨૧ થી ૩૫ |
| ૪. | નિયંત્રકશ્રી, કાનુનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતો ગાંધીનગર ની પ્રવૃતિ | ૩૭ થી ૫૯ |
| ૫. | ગુ.રા. નાગરિ પુરવઠા નિગમ લી. નો અહેવાલ તથા કામગીરી | ૬૧ થી ૭૩ |
| ૬. | રજીસ્ટ્રારશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરી અમદાવાદ ની વિગતો | ૭૫ થી ૮૫ |

# વિભાગને લગતી યોજના હેઠળ ફાળવણી ઉપાડ અને વિતરણ અંગેની વિગત.

**૨૦૧૧-૧૨**

## જાહેર વિતરણ વ્યવસ્થા

**રાજ્ય સરકાર નિયત કરેલ જથ્થા અને ભાવ મુજબ રેશનકાર્ડધારકોને વાજબી ભાવની દુકાનો મારફત ઘઉં, ચોખા, ખાંડ અને ખાદ્યતેલનું વિતરણ કરે છે. ભારત સરકાર ૧લી જૂન ૧૯૯૭થી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વિતરણ કરવા રાજ્યને ઘઉં અને ચોખાની ફાળવણી કરે છે. રાજ્ય સરકારવતી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., દ્વારા ભારતીય ખાદ્ય નિગમના ડેપોમાંથી અનાજનો જથ્થો ઉપાડવામાં આવે છે, અને તેનું લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વિતરણ કરવામાં આવે છે.**

➢ **અનાજ**

## લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ)

ભારત સરકારે ૧લી જુન,૧૯૯૭થી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) નામની નવી યોજના શરૂ કરેલ છે. જેનો અમલ ગુજરાત સરકારે પણ કરેલ છે જે બે ભાગમાં વહેંચાયેલી હતી. પરંતુ જુલાઇ-૨૦૦૧થી અંત્યોદય અન્ન યોજનાનો અમલ થતાં તે ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. જે નીચે પ્રમાણે છે.

1) ગરીબી રેખાથી ઉપરનાં કુટુંબો માટેની યોજના (એપીએલ)
2) શહેરી વિસ્તાર માટે સરેરાશ માથાદીઠ માસિક આવક રૂ.૫૦૧/- અને ગ્રામ્ય વિસ્તાર માટે માથાદીઠ આવક રૂ.૩૨૪/-થી ઓછા માટે. (બી.પી.એલ.)
3) ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબો પૈકી અત્યંત ગરીબ કુટુંબો માટે. (અંત્યોદય અન્ન યોજંના)

## ગરીબી રેખા ઉપરના માટેની યોજના (એપીએલ)

આ યોજના હેઠળ એપીએલ કાર્ડધારકોને પ્રતિમાસ વ્યક્તિદીઠ ૨.૫ કિ.ગ્રા., કાર્ડદીઠ મહત્તમ ૧૫ કિ.ગ્રા., પ્રતિ કિ.ગ્રા.ના રૂ.૭.૫૦ પૈસાના દરે ઘઉં વિતરણ કરવામાં આવે છે.

➢ **બીપીએલ**

**બીપીએલ કાર્ડ આપવાના ધોરણો :**

૧. ગ્રામ્ય વિસ્તાર માટે અરજાદારનાં સરેરાશ માથાદીઠ માસિક આવક રૂ. ૩૧૪/- થી ઓછી હોવી જોઇએ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૫૦૧/- થી ઓછી હોવી જોઇએ (૫ સભ્યો નુ કુટુંબ ગણતરીમાં લેવાનું)

૨. અરજદાર ખેતમજુર હોવો જોઇએ.

૩. અરજદાર એક એકરથી ઓછી જમીન ધરાવતો હોવો જોઇએ.

૪. અરજદાર ઇન્દિરા આવાસ અથવા બીજી કોઇ આર્થિક આવાસનો લાભ મેળવવાપાત્ર હોવો જોઇએ.

૫. અરજદાર કુટુંબના ભરણ પોષણ માટે મજુરી કામ અર્થે સ્થાળાંતર કરતો હોવો જોઇએ.

**નોંધ :- ઉપરોક્ત મુદ્દઓ પૈકી મુદ્દા નં-૧ (આવક મર્યાદા) મુખ્ય મુદ્દો છે મુદ્દા નં ૨ થી ૫ ગૌણ છે.**

➤ **<u>અંત્યોદય અન્ન યોજનાં</u> (એએવાય)**

**એએવાય કાર્ડ આપવાંના ધોરણો :**

૧. જમીને વિહોણા ખેતમજુરો, સીમાંત ખેડુતો, ગ્રામ્ય કારીગરો, જેવા કે, કુંભાર, ચામડું પકવનાર વણકરો, લુહાર, સુથાર,ઝુંપડપટ્ટીમાં રહેતાં લોકો અને અવિધિસર સેક્ટરમાં દૈનિક ધોરણે પોતાનું ગુજરાન કમાતા જેવાકે, માલસામાન ઉચકનારા કુલી, રીક્ષા ચાલક, હાથલારી ચલાવનારા ફળફળાદી અને ફુલ વેચનાર , મદારીઓ, કાગળ વીણનારા, અને વંચિત તથા આવી જ કેટેગરીમાં આવતાં અન્ય ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતાં લોકો.

૨. વિધવા અથવા બિમાર વ્યક્તિઓ, અશક્ત વ્યક્તિઓ, ૬૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓ અથવા તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ જેમને જીવન-નિર્વાહ માટેનું સાધન ન હોય અથવા સામાજિક આધાર ન હોય.

૩. વિધવાઓ અથવા બિમાર અથવા અશક્ત વ્યક્તિઓ અથવા ૬૦ વર્ષની ઉંમર કે તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ અથવા એકલ સ્ત્રીઓ અથવા એકલ પુરુષ કે જેમને કુટુંબ ન હોય અથવા સામાજિક આધાર નહોય અથવા જીવન-નિર્વાહ માટેનું સાધન ન હોય.

૪. તમામ આદીમ આદિવાસી કુટુંબો.

ત્રણે યોજનામાં થતાં અનાજના વિતરણ અને ભાવની વિગતો નીચે મુજબ છે.

બીપીએલ કાર્ડધારક(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટિફાઇડ આટો. | - | ૧૦.૦૦૦કી.ગ્રા. | રૂ.૨૦.૦૦પ્રતિબેગ |
| ઘઉં | - | ૧૫.૦૦૦કી.ગ્રા. | રૂ.૫.૪૦પ્રતિકી.ગ્રા. |
| ચોખા | - | ૩.૫૦૦કી.ગ્રા. | રૂ. ૩.૦૦પ્રતિકી.ગ્રા |
| ચોખા સ્પેશીયલ | - | ૬.૫૦૦કી.ગ્રા. | રૂ.૭.૦૦પ્રતિકી.ગ્રા |
| ખાંડ | ૩.૫૦૦ કીગ્રા. | | રૂ.૧૩.૫૦પ્રતિકી.ગ્રા |
| આયોડાઇઝ મીઠું | - | ૧.૦૦૦કી.ગ્રા. | રૂ.૧.૦૦પ્રતિકી.ગ્રા. |

અંત્યોદય કાર્ડધારક(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટિફાઇડ આટો. | - | ૧૦.૦૦૦કી.ગ્રા. | રૂ.૨૦.૦૦ પ્રતિબેગ |
| ઘઉં | - | ૯.૦૦કી.ગ્રા | રૂ.૨.૦૦ પ્રતિ કી.ગ્રા. |
| ચોખા | | ૧૬.૦૦કી.ગ્રા. | રૂ.૩.૦૦ પ્રતિ કી.ગ્રા. |
| ખાંડ | ૩૫૦ ગ્રામ | | રૂ.૧૩.૫૦ પ્રતિ કી.ગ્રા. |
| આયોડાઇઝ મીઠું | | ૧.૦૦કી.ગ્રા. | રૂ.૧.૦૦ પ્રતિ કી.ગ્રા. |

એપીએલ કાર્ડધારક(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | ૨.૫૦૦કી.ગ્રા. | ૧૫.૦૦૦કી.ગ્રા. | રૂ.૭.૫૦કી.ગ્રા. |

રાંધણગેસ નહિં ધરાવતાં તમામ રેશનકાર્ડ ધારકો(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| કેરોસીન | ૧.૫ લીટર | ૯ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહત દરે |

અ.ના.પુ અને ગ્રા.બા વિભાગને લગતી બીપીએલ, એપીએલ અને અંત્યોદય તેમજ અન્નપૂર્ણા યોજના હેઠળ થયેલ ઘઉં ચોખા અને બરછટ અનાજનાં જથ્થાની વર્ષ-૨૦૧૧-૧૨ દરમિયાન થયેલ ફાળવણી ઉપાડ અને વિતરણની માહિતી દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| યોજના | ઘંઉ | | | ચોખા | | |
|---|---|---|---|---|---|---|
| | ફાળવણી | ઉપાડ | વિતરણ | ફાળવણી | ઉપાડ | વિતરણ |
| બીપીએલ | ૩૭૬૫૨૪ | ૩૫૬૨૫૦ | ૩૫૨૦૫૭ | ૧૭૩૮૪૪ | ૧૪૮૧૭૯ | ૧૬૬૧૫૦ |
| એપીએલ | ૭૯૬૪૪૦ | ૪૦૯૮૮૭ | ૪૪૬૧૪૬ | - | - | - |
| એએવાય | ૧૮૪૪૭૬ | ૧૭૬૮૪૨ | ૧૬૮૪૧૬ | ૧૫૫૬૦૪ | ૧૪૯૩૬૯ | ૧૩૬૯૬૧ |
| અન્નપૂર્ણા | ૫૭૬ | ૫૭૬ | ૬૩૪ | - | - | - |

( A )અંત્યોદય અન્ન યોજનામાં વિતરણનું પ્રમાણ , ભાવની વિગત:- (માર્ચ-૨૦૧૨)

| ક્રમ | અનાજની વિગત | વિતરણ પ્રમાણ | ભાવ |
|---|---|---|---|
| ૧ | ફોર્ટીફાઇડ આટો | ૧૦.૦૦૦કી.ગ્રા. | રૂ.૨૦.૦૦ પ્રતિબેગ |
| ૨ | ઘઉં | ૯.૦૦કી.ગ્રા | રૂ.૨.૦૦ પ્રતિ કી.ગ્રા. |
| ૩ | ચોખા | ૧૬.૦૦કી.ગ્રા. | રૂ.૩.૦૦ પ્રતિ કી.ગ્રા. |
| ૪ | લેવીખાંડ | ૩૫૦ ગ્રામ | રૂ.૧૩.૫૦ પ્રતિ કી.ગ્રા. |
| ૫ | આયોડાઇઝમીઠું | ૧.૦૦૦કી.ગ્રા. | રૂ.૧.૦૦ પ્રતિકી.ગ્રા. |

(B) બી.પી.એલ.યોજનામાં વિતરણનું પ્રમાણ ,ભાવની વિગત

બીપીએલ કાર્ડધારક(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ફોર્ટિફાઇડ આટો. | - | ૧૦.૦૦૦કી.ગ્રા. | રૂ.૨૦.૦૦પ્રતિબેગ |
| ઘઉં | - | ૧૫.૦૦૦કી.ગ્રા. | રૂ.૫.૪૦પ્રતિકી.ગ્રા. |
| ચોખા | - | ૩.૫૦૦કી.ગ્રા. | રૂ. ૩.૦૦પ્રતિકી.ગ્રા |
| ચોખા સ્પેશીયલ | - | ૬.૫૦૦કી.ગ્રા. | રૂ.૭.૦૦પ્રતિકી.ગ્રા |
| ખાંડ | ૩.૫૦૦ કીગ્રા. | | રૂ.૧૩.૫૦પ્રતિકી.ગ્રા |
| અયોડાઇઝ મીઠું | - | ૧.૦૦૦કી.ગ્રા. | રૂ.૧.૦૦પ્રતિકી.ગ્રા. |

(C) એપીએલ યોજનામાં વિતરણનું પ્રમાણ, ભાવની વિગત:

એપીએલ કાર્ડધારક(માર્ચ-૨૦૧૨)

| વસ્તુ | વ્યક્તિદીઠ મળવાપાત્ર જથ્થો | કાર્ડદીઠ મહત્તમ જથ્થો | ભાવ |
|---|---|---|---|
| ઘઉં | ૨.૫૦૦કી.ગ્રા. | ૧૫.૦૦૦કી.ગ્રા. | રૂ.૭.૫૦કી.ગ્રા. |

(D) વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ ભોગવેલ સબસીડીની વિગત:

અંત્યોદય અન્ન યોજનામાં : રૂ.૩૦.૫૦ કરોડ

બીપીએલમાં: રૂ. ૧૩૦.૦૦ કરોડ

> **ખાદ્યતેલ:**

સરકારશ્રી ધ્વારા દર વર્ષે તહેવારોમાં રાહત ભાવે ખાદ્યતેલ વિતરણ માટે બફર સ્ટોક કરવામાં આવે છે. તદ્અનુસાર ખાદ્યતેલ વર્ષ-૨૦૧૧-૧૨ દરમિયાન અને ઓગસ્ટ અને ઓક્ટોમ્બર ૨૦૧૧નાં માસમાં તહેવારો સહિત કાર્ડદીઠ ૧ લીટર પાઉચ રૂ.૪૦/- નાં રાહતદરે તહેવારો દરમિયાન બીપીએલ/અંત્યોદય કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ લીટરનાં પાઉચ વિતરણ કરેલ છે અને રાજ્યસરકાર ધ્વારા અંદાજિત રૂ.૧.૩૩ રૂ.૧૬.૩૮ કરોડની સબસીડી ભોગવવામાં આવેલ છે.

(વિતરણ આંકડા મે. ટનમાં)

| વર્ષ | ફાળવણી કરેલ ખાદ્યતેલ | વિતરણ કરેલ ખાદ્યતેલ |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૧૯૬૮ mt | ૧૧૯૬૮ mt |

> **લેવીખાંડ:**

ગુ.રા.ના.પુ.નિગમ.લી., લેવીખાંડના જથ્થાબંધ નોમીની તરીકે કામગીરી કરે છે. કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવતા લેવી ખાંડના જથ્થાની રાજ્યના બીપીએલ/અંત્યોદય કાર્ડધારકોને કાર્ડની જનસંખ્યાના વ્યક્તિદિઠ 0.3૫0 ગ્રામ મુજબ પ્રતિ કિલોના રૂ ૧૩.૫0 ના ભાવે દર માસે નિયમિત ફાળવણી ઉપલબ્ધ જથ્થાના આધારે કરવામાં આવે છે. ખાંડની મળતી ફાળવણી બે તહેવારો માટે (ઓગસ્ટ ૧૧ અને ઓક્ટોમ્બર- નવેમ્બર ૧૧ નાં માસમાં) ની વિશેષ મળેલ લેવી ખાંડની ફાળવણીનો તમામ જથ્થો રાજ્યના બીપીએલ/અંત્યોદય કાર્ડધારકોને કાર્ડદિઠ ૧ કિલો ના ધોરણે પ્રતિ કિલોના રૂ ૧૩.૫0 ના ભાવે વિતરણ કરવામાં આવે છે.

| વર્ષ | કુલ ફાળવણી(મે.ટન) | ઉપાડ(મે.ટન) | વિતરણ (મે.ટન) |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૭૬૩૬૦ | ૭૬૧૧૫ | ૭૩૭૬૦ |

## નવી વાજબીભાવની દુકાન મંજુર કરવા અંગેની પ્રગતિ.

વિભાગનાં તા:- ૦૫/૧૦/૨૦૦૬ના હુકમથી નવી વાજબીભાવની દુકાન માટે નીતી નક્કી કરવામાં આવેલ હતી. એપ્રિલ – ૨૦૧૧માં ૧૬૮૪૯ દુકાન કાર્યરત હતી જ્યારે માર્ચ ૨૦૧૨ અંતિત ૧૭૧૦૯ વાજબીભાવની દુકાનો કાર્યરત છે એટલે કે, વર્ષ દરમિયાન ૨૬૦ નવી દુકાનો ખોલવામાં આવેલ છે.

## ➢ જાહેર વિતરણ પધ્ધતિમાં તકેદારી સમિતિઓની દેખરેખ :

ગુજરાતમાં ઘઉં, ચોખા સમયસર મળી શકે તે માટે તા:- ૧ થી ૫ સુધીમાં મામલતદારે પરમીટ ઇસ્યુ કરવાની રહે છે. અને દુકાનદારે દુકાનમાંથી માલ તા:- ૫ થી ૧૦ સુધીમાં ઉપાડી લેવાનો રહે છે. અને ખાસ કારણો હોય તો સંબંધિત મામલતદારશ્રીની મંજુરી મેળવીને મોડામાં મોડો ૧૫ તારીખ સુધીમાં ઉપાડી લેવાનો રહે છે.

દુકાનદારો ધ્વારા રેશનકાર્ડ ધારકોને સમયસર માલ મળી રહે તે પર દેખરેખ રાખવા ગ્રામ્યકક્ષાએ તકેદારી સમિતિ તથા શહેરી વિસ્તારમાં શહેરી તકેદારી સમિતિ તથા તાલુકા/ જિલ્લાકક્ષાએ, જિલ્લાકક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે.

તકેદારી સમિતિઓની રચના જાહેર વિતરણ વ્યવસ્થાનું ગ્રામ્યકક્ષાએ પારદર્શક અને સચોટ નિયંત્રણ આવશે તથા તકેદારી સમિતિમાં સીધી લોક ભાગીદારીનો અભિગમ છે.

(૧) ગ્રામ્ય તકેદારી સમિતિઓ : ૧૨૩૪૮
(૨) શહેરી તકેદારી સમિતિઓ : ૪૨૯૪
(૩) તાલુકા તકેદારી સમિતિઓ : ૨૧૬
(૪) જિલ્લા તકેદારી સમિતિઓ : ૨૬

માર્ચ-૨૦૧૨ સુધી રચવામાં આવેલ છે.'

## ➢ મોડેલ ફેરપ્રાઇઝ શોપ એટલે ગામડાઓ સુધી પંહોચતી આધુનિક ચીજવસ્તુઓ :

ભારત દેશમાં ગુજરાત જ એવું પ્રથમ રાજ્ય છે કે, જેને ફેર-પ્રાઇઝ શોપ મોડેલ સેન્ટરો એક નવો જ વિચાર રજુ કર્યો છે. જેને લીધે દુકાનદારો મદદ થશે અને વધુ પ્રમાણમાં ગ્રાહકો આકર્ષી શકશે. હાલમાં ફેરપ્રાઇઝ શોપમાં દુકાનદારોને રૂ. ૧૫૦૦ થી ૩૦૦૦ સુધી કમિશન દર માસે મ:એ

છે. તેની આવક વધારવા માટે ગ્રાહકોને જોઇતી અન્ય ચીજ વસ્તુઓની સુવિધા જેવી કોસ્મેટીક્સ, કોમર્શીયલ ગેસ સીલીન્ડર્સ, મોબાઇલ ફોનનાં રીચાર્જ વાઉચર, સીમકાર્ડ, ખાતર, બિયારણ વિગેરે ચીજવસ્તુઓ રાખી શકશે. ફેરપ્રાઇઝ મોડેલ સેન્ટર કરવા માટે બે કે ત્રણ બારી હોય ચીજવસ્તુઓની ગોઠવણી આકર્ષણ હોઇ, ગ્રાહકોને બેસવાની વ્યવસ્થા હોઇ આ બધા ફેરફાર માટે તેમને નાણાંકીય સહાય કરવા માટે દેના બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સાથે સાંકળવામાં આવી છે. ૯૩

આવા ફેરપ્રાઇઝ શોપ મોડેલ સેન્ટર શરૂ થવાને લીધે આવી દુકાનો ઉપર અનેક જાતની ગ્રાહક ઉપયોગની ચીજવસ્તુ મળતી થશે અને દુકાનદારનો વેપાર પણ વધશે અને તેનો નફો પણ વધશે સથો સાથ આવી ફેરપ્રાઇઝ શોપમાંથી જે માલ બારોબાર વગે થઇ જતો હતો તે અટકશે. આ યોજનાથી દુકાનદારોની માસિક આવક અંદાજે રૂ. ૨૦૦૦ થી ૧૦,૦૦૦ સુધી થઇ છે. રાજયમાં હાલ માર્ચ–૨૦૧૨ની સ્થિતિએ ૧૭૧૦૯ વાજબીભાવની દુકાનો કાર્યરત થયેલ છે.

મોડેલ ફેરપ્રાઇઝ શોપનો એક અભિગમ એવો પણ છે કે, ગામડાંઓમાં મોડેલ ફેરપ્રાઇઝ શોપ ઉભા થવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને પણ તેમનાં ગામમાં આવી ચીજવસ્તુ, સેવાઓ મળી રહે છે, અને તે માટે તેઓને શહેરોમાં જવું પડે આમ થવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને સમય અને નાણાંનો બચાવ થશે. આ મોલનું નામાભિકરણ 'રૂરલ મોલ' પણ કહી શકાય.

<u>કેરોસીન ફાળવણી અને વિતરણ:-</u>

કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને એપ્રિલ-૨૦૧૦ થી માસિક ૭૬,૭૧૨ કિ.લિ. જથ્થો મળતો હતો જેમાં જુન-૨૦૧૧ થી ઘટાડો કરીને હવે ૫૨,૦૨૦ કિ.લિ. જથ્થો ફાળવવામાં આવે છે. આ જથ્થામાંથી ફીશરીઝ માટે માસિક ૭૮૦ કિ.લિ. જથ્થો ફાળવવાનો નક્કી કરેલ છે. આમ, જાહેર વિતરણના હેતુ માટે ૫૧,૨૪૦ કિ.લિ. જથ્થો ઉપલબ્ધ થાય છે. આ જથ્થામાંથી રાજ્યમાં જીલ્લાવાર કેરોસીનની ફાળવણી રાજ્યના જીલ્લાઓમાં ગેસ જોડાણ નહિ ધરાવતા રેશનકાર્ડની સંખ્યા(નોનગેસ રેશનકાર્ડ), ધ્યાને લઇ રાજ્યની કુલ જરૂરીયાત સામે કેન્દ્ર સરકાર તરફથી મળેલ જથ્થાની જે ટકાવારી બેસે તેજ ધોરણે દરેક જીલ્લાઓને જરૂરીયાત સામે સમાન ટકાવારીના ધોરણે ફાળવણી કરવામાં આવે છે. જિલ્લાઓ દ્વારા તાલુકાઓને તેજ રીતે સમાન ધોરણે ફાળવણી કરવામાં આવે છે અને તાલુકા કક્ષાએથી વિક્રેતાવાર ફાળવણી કરવામાં આવે છે. રાજ્ય સરકારે માહે જુન-૨૦૧૨ થી વ્યક્તિદીઠ ૨ લિટર તથા ૬ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૧૦ લિટર મુજબ નિયત કરેલ વિતરણ પ્રમાણ મુજબ માસિક ધોરણે કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. રાજ્યને મળતી કેરોસીનની ફાળવણી મુજબ જથ્થાનો સમયસર ઉપાડ થાય અને વપરાશકારને નક્કી કરેલ પ્રમાણથી કેરોસીનનો જથ્થો મળી રહે તે માટે કેરોસીનનું વિતરણ રેશનકાર્ડની જનસંખ્યાના આધારે કરવામાં આવે છે. કેરોસીન છૂટક વિતરકો સાથે ચોક્કસ નંબરના કાર્ડની સંખ્યા જોડી આપીને કાર્ડ ઉપર કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. કેરોસીનના એજન્ટો દ્વારા તેમને ફાળવવામાં આવેલ જથ્થા પૈકી તારીખ ૧૦મી સુધીમાં ૬૦% અને તારીખ ૨૨ મી સુધીમાં પૂરેપૂરો જથ્થો ઉપાડ કરી, સમયસર વિતરણમાં મૂકાય તેવું આયોજન રાખવા જીલ્લા કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવી છે.

કેરોસીનનું વિતરણ સુવ્યવસ્થિત રીતે થાય તે માટે રાજ્યમાં તા. ૩૧/૦૩/૨૦૧૨ ની સ્થિતિએ ૪૫૪ એજન્ટો, ૧૬,૦૯૩ કેરોસીન વિતરણ કરતી વાજબી ભાવની દુકાનો, ૪૮૪૭ છૂટક વિક્રેતા અને ૧૯૯૬ ફેરીયાઓ કેરોસીન વિતરણ કાર્યમાં જોડાયેલા છે.

| DETAILS OF SKO DISTRIBUTORS | | | | March-2012 | | | |
|---|---|---|---|---|---|---|---|
| SR. NO. | DISTRICT NAME | NO.OF OIL CO.DEALER | NUMBER OF SKO DISTRIBUTORS | | | | |
| | | | F.P.S. | Retailers | Hawkers | TOTAL | |
| 1 | Ahmedabad City | 43 | 825 | 1123 | 349 | 2297 | |
| 2 | Ahmedabad Dist | 22 | 491 | 75 | 35 | 601 | |
| 3 | Amreli | 15 | 531 | 61 | 15 | 607 | |
| 4 | Anand | 15 | 523 | 327 | 121 | 971 | |
| 5 | Banaskantha | 20 | 1001 | 56 | 19 | 1076 | |
| 6 | Bhavanagar | 21 | 803 | 30 | 49 | 882 | |
| 7 | Bharuch | 13 | 490 | 51 | 25 | 566 | |
| 8 | Dahod | 8 | 619 | 44 | 22 | 685 | |
| 9 | Dang | 1 | 108 | 3 | 0 | 111 | |
| 10 | Gandhinagar | 10 | 277 | 133 | 82 | 492 | |
| 11 | Jamnagar | 20 | 543 | 161 | 110 | 814 | |
| 12 | Junagadh | 25 | 722 | 86 | 58 | 866 | |
| 13 | Kheda | 18 | 709 | 180 | 46 | 935 | |
| 14 | Kutchh | 12 | 637 | 155 | 14 | 806 | |
| 15 | Mahesana | 21 | 578 | 144 | 115 | 837 | |
| 16 | Navsari | 11 | 404 | 158 | 172 | 734 | |
| 17 | Narmada | 3 | 215 | 25 | 11 | 251 | |
| 18 | Panchmahal | 11 | 610 | 55 | 80 | 745 | |
| 19 | Patan | 18 | 503 | 125 | 35 | 663 | |
| 20 | Porabandar | 6 | 215 | 9 | 10 | 234 | |
| 21 | Rajkot | 33 | 917 | 227 | 71 | 1215 | |
| 22 | Sabarkantha | 19 | 912 | 201 | 126 | 1239 | |
| 23 | Surat | 33 | 1005 | 776 | 22 | 1803 | |
| 24 | Surendranagar | 13 | 610 | 93 | 10 | 713 | |
| 25 | Vadodara | 26 | 1173 | 134 | 327 | 1634 | |
| 26 | Valsad | 11 | 436 | 312 | 72 | 820 | |
| 27 | Tapi | 6 | 236 | 103 | 0 | 339 | |
| | TOTAL | 454 | 16093 | 4847 | 1996 | 22936 | |

## નિયમન અને તપાસણી શાખા

રાજ્યની પ્રજાને જીવન જરૂરી આવશ્યક ચીજવસ્તુઓ પોષણક્ષમ ભાવે મળી રહે તે માટે તથા ભાવીમાં થતાં વધારાને અંકુશમાં લેવા માટે અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબત હસ્તકના તપાસણી તંત્ર દ્વારા સતત મોનીટરીંગ અને તપાસો કરવામાં આવે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અંત્યોદય, બી.પી.એલ. તથા એ.પી.એલ. કાર્ડધારકોને નિયત કરેલ પ્રમાણ અને ભાવોથી પુરતા પ્રમાણમાં નિયમીત રીતે આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ થાય અને તેમાં કોઇ ગેરરીતિઓ ન થાય તે માટે તથા મુક્ત બજારનાં અનાજ, ખાદ્યતેલો, કઠોળ, ખાંડ વગેરે ચીજવસ્તુઓ સરળતાથી અને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય પેટ્રોલ/ડીઝલ જેવી ચીજવસ્તુઓમાં ભેળસેળ થાય નહીં તે માટે અત્રેના તપાસણી તંત્ર દ્વારા તપાસો કરવામાં આવે છે.

કેન્દ્ર સરકારના આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૫૫ હેઠળ રાજ્ય સરકારે બહાર પાડેલ ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ(પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ હેઠળ પેટ્રોલ/ડીઝલ , કેરોસીન, એલ.ડી.ઓ. જેવી ચીજવસ્તુઓ માટે પરવાનાઓ લેવામાં આવે છે અને સદર આદેશ હેઠળ લીધેલ પરવાનાઓની અત્રેથી તપાસણીઓ કરવામાં આવે છે.

જાહેર વિતરણ વ્યવસ્થા(નિયંત્રણ) હુકમ-૨૦૦૧ હેઠળ બહાર પાડેલ ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વ્યાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતોનો) હુકમ-૨૦૦૪ હેઠળ વાજબી ભાવના દુકાનદારોએ મેળવેલ પરવાનાઓ અન્વયે વાજબી ભાવની દુકાનોની તપાસણી કરવામાં આવે છે.

સમગ્ર રાજ્યમાં તા. ૧/૪/૧૧ થી તા. ૩૧/૩/૧૨ સુધીના સમયગાળા દરમ્યાન કુલ ૨૭૪૬૨ તપાસો કરવામાં આવેલ. તપાસમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓ અન્વયે રૂ. ૧૨.૭૩ કરોડ ની કિંમતનો જુદી જુદી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે કરવામાં આવ્યો. રૂ. ૨.૬૯ કરોડની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ. રૂ. ૩૩.૨૦ લાખની પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી . ૧૭૧ પરવાના મોકુફ કર્યા. ૧૩૦ પરવાના રદ કર્યા. ૫૬ પોલીસ કેસ કરવામાં આવ્યા અને ૫૪ પી.બી.એમ. કેસ કરવામાં આવ્યા.

મુદ્દા-નં-૭

# અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક કચેરી, અમદાવાદ શહેર

**કચેરીનું વહીવટ્ટ માળખુ**

↓

નિયંત્રક

↓

નાયબ નિયંત્રક

↓

- મદદનીશ નિયંત્રક (વહીવટ)
- મદદનીશ નિયંત્રક (તપાસ-પુર્વ વિસ્તાર)
- મદદનીશ નિયંત્રક (તપાસ-પશ્ચીમ વિસ્તાર)

મદદનીશ નિયંત્રક (તપાસ-પુર્વ વિસ્તાર) / મદદનીશ નિયંત્રક (તપાસ-પશ્ચીમ વિસ્તાર) → તપાસણી શાખા

મદદનીશ નિયંત્રક (વહીવટ) ↓

| ઝોનલ કચેરીઓ કુલ-૧૪ | હિસાબી શાખા | કેરોસીન શાખા | મહેકમ શાખા | પી.પી./એડીએમ | અબ શાખા | રેશનકાર્ડ શાખા | ટપાલ શાખા |
|---|---|---|---|---|---|---|---|
| | સિનિ.હિસાબનીશ. → હિસાબનીશ | અવલ કારકુન | અવલ કારકુન | અવલ કારકુન | અવલ કારકુન | અવલ કારકુન | |
| | કારકુન | કારકુન | કારકુન | કારકુન | કારકુન | કારકુન | કારકુન |

ઝોનલ કચેરીઓ કુલ-૧૪:

| | | | |
|---|---|---|---|
| ૧. | અસારવા | ૮. | એલીસબ્રીજ |
| ૨. | સાબરમતી | ૯. | દરિયાપુર-કાઝીપુર |
| ૩. | રખિયાલ | ૧૦. | શાહપુર |
| ૪. | કાલુપુર | ૧૧. | જમાલપુર |
| ૫. | ખાડીયા | ૧૨. | નરોડા |
| ૬. | મણીનગર | ૧૩. | સરખેજ-૧ |
| ૭. | શહેરકોટડા | ૧૪. | સરખેજ-૨ |

↓

ઝોનલ ઓફીસર

↓

- મ. ઝોનલ ઓફીસર
- સપ્લાય ઈન્સ્પે.
- કલાર્ક
- પટાવાળા

૧. તા.૧/૧/૨૦૧૨ ની સ્થિતીએ મહેકમની વિગત.

| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરેલ જગ્યાઓ | | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|
| | | | | નિયમીત | પ્રતિનિયુક્તિથી | |
| ૧ | નિયંત્રક | વર્ગ-૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨ | નાયબ નિયંત્રક | વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | મદદનીશ નિયંત્રક | વર્ગ-૨ | ૩ | ૨ | ૦ | ૧ |
| ૪ | મુખ્ય હિસાબનીશ | વર્ગ-૩ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૫ | સ્ટેનોગ્રાફર | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૬ | મુખ્ય પુરવઠા નિરીક્ષક | વર્ગ-૩ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૭ | પુરવઠા હિસાબનીશ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૮ | પુરવઠા નિરીક્ષક | વર્ગ-૩ | ૩૮ | ૧૬ | ૩ | ૧૯ |
| ૯ | ઝોનલ અધિકારી | વર્ગ-૩ | ૧૪ | ૯ | ૨ | ૩ |
| ૧૦ | પુરવઠા અવલ કારકુન | વર્ગ-૩ | ૭ | ૩ | ૦ | ૪ |
| ૧૧ | આ.ઝોનલ ઓફીસર | વર્ગ-૩ | ૧૪ | ૯ | ૦ | ૫ |
| ૧૨ | ક્લાર્ક | વર્ગ-૩ | ૪૮ | ૧૫ | ૧૭ | ૧૬ |
| ૧૩ | ડ્રાઇવર | વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૪ | નાયક | વર્ગ-૪ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૧૫ | પટાવાળા | વર્ગ-૪ | ૧૬ | ૧૧ | ૪ | ૧ |
| | કુલ | | ૧૫૧ | ૭૦ | ૨૬ | ૫૫ |

| | |
|---|---|
| કાયમી જગ્યા | ૧૧૬ |
| હંગામી જગ્યા | ૩૫ |
| કુલ | ૧૫૧ |

૨. અમદાવાદ શહેરમાં વર્ષ-૨૦૧૧-૧૨ દરમ્યાન કેરોસીન દુકાનો કેટેગરી વાઈઝ આવેલ છે.

| | |
|---|---|
| વ્યાજબી ભાવની દુકાનો | ૮૨૫ |
| મર્યાદીત જથ્થાના છુટક વિક્રેતા | ૧૧૨૩ |
| ફેરીયા | ૩૪૯ |
| કુલ | ૨૨૯૭ |

સને ૨૦૧૧-૧૨ મા કેરોસીન વિક્રેતાઓની કુલ ૯૫ કિસ્સામા તપાસ કરવામા આવેલ છે જે પૈકી ૧૦ કિસ્સામા ગંભીર ગેરરીતીઓ જણાતા જથ્થો સીઝર કરી રકમ રૂ.૩૦૬૨૪ નો જથ્થો રાજ્યસાત કરવામા આવેલ છે જ્યારે ૮૫ કિસ્સામા ખાતારાહે હેઠળની કાર્યવાહીમાં ૨૭૫૦૦ની અનામત રાજ્યસાત કરવામા આવે છે.

૩. અમદાવાદ શહેરમાં સને-૨૦૧૧-૧૨ માં કેરોસીનના દુકાનદારોને વિતરણ સારુ નીચે મુજબ કુલ-૪૨ ડીલર્સ આવેલ છે.

| | |
|---|---|
| આઈ.ઓ.સી | ૩૪ |
| બી.પી.સી. | ૪ |
| એચ.પી.સી | ૪ |
| કુલ | ૪૨ |

૪. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન અમદાવાદ શહેરને ફાળવવામા આવેલ કેરોસીન અને વિતરણની પરિસ્થિતિનું પત્રક નીચે મુજબ છે.

| માસનું નામ | ફાળવણી | વિતરણ |
|---|---|---|
| એપ્રિલ-૧૧ | ૪૯૮૫ | ૪૮૭૮ |
| મે-૧૧ | ૪૯૯૨ | ૪૮૫૩ |
| જુન-૧૧ | ૩૪૩૫ | ૩૪૫૭ |
| જુલાઈ-૧૧ | ૩૪૧૧ | ૩૪૩૮ |
| ઓગષ્ટ-૧૧ | ૩૪૨૦ | ૩૩૮૮ |
| સપ્ટે-૧૧ | ૩૩૫૯ | ૩૩૩૦ |
| ઓક્ટોમ્બર-૧૧ | ૩૨૯૦ | ૩૩૩૦ |
| નવે-૧૧ | ૩૨૯૦ | ૩૨૯૦ |
| ડીસેમ્બર-૧૧ | ૩૩૦૪ | ૩૩૦૪ |
| જાન્યુ-૧૨ | ૩૩૨૭ | ૩૨૯૮ |
| ફેબ્રુ-૧૨ | ૩૩૬૮ | ૩૨૮૬ |
| માર્ચ-૧૨ | ૪૪૬૧ | ૩૨૮૬ |

૫. ખાદ્યતેલ અંગેની કામગીરી

વર્ષ -૨૦૧૧-૧૨મા ખાદ્યતેલોના ભાવો જળવાઈ રહે તથા ખાદ્યતેલનો ખોટી રીતે સંગ્રહ ન થાય તે માટે ગુજરાત ખાદ્યતેલ અને તેલીયામાં (સ્ટોરેજ કંટ્રોલ) હુકમ-૨૦૧૨ની જોગવાઈના અમલવારી માટે ખાદ્યતેલના વિક્રેતાઓની વર્ષ દરમ્યાન ૮ કિસ્સામાં તપાસ દરમ્યાન રૂ.૨૭૧૬૬૫ની કિંમતનો જથ્થો સીઝર કરી તેઓ સામે શિક્ષાત્મક કાર્યવાહીમા રૂ.૧૧૧૫૭૩ ની કિંમતનો ખાદ્યતેલનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

૬. અમદાવાદ શહેરમા ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચેની વિગતે ગેસ એજન્સીઓ આવેલ છે.

| | |
|---|---|
| આઈ.ઓ.સી | ૫૦ |
| બી.પી.સી | ૧૫ |
| એચ.પી.સી. | ૮ |
| કુલ | ૭૩ |

૭. આ ગેસ એજન્સીઓ ઉપર તા.૩૧/૧૨/૧૧ની સ્થિતિએ નીચેની વિગતે ગેસ જોડાણ આવેલ છે.

| | |
|---|---|
| એસ.બી.સી. | ૩૬૨૧૫૭ |
| ડી.બી.સી | ૯૨૧૭૮૩ |
| કુલ જોડાણ | ૧૨૮૩૯૪૦ |

૮. અમદાવાદ શહેરમા સને -૨૦૧૧-૧૨ દરમ્યાન ઘર વપરાશના રાંધણગેસનો અનઅધિકૃત ઉપયોગ અન્વયે નીચેની વિગતે તપાસો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| કુલ હોટલ રેસ્ટોરન્ટની કરેલ તપાસની સંખ્યા | ૧૩૨ |
| તે પૈકી ઘર વપરાશના બાટલાનો ધંધાકીય હેતુ માટે ઉપયોગ કરતા પકડાયેલ હોટલ રેસ્ટોરન્ટની સંખ્યા | ૭૮ |

૭૮ કિસ્સામા કુલ ૧૭૫ ગેસના બાટલા રકમ રૂ.૨૭૧૬૯૫ ની કિમતનો જથ્થો સીઝર કરી તમામ જથ્થો રાજ્યસાત કરવામા આવેલ છે તેમજ સીઝર કરેલ ગેસના બાટલા જે તે ઓઈલ કંપનીને પરત કરેલ છે.

૯. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન નવા બારકોડેડ રેશનકાર્ડની વિતરણની કામગીરી ચાલુ હોઈ નીચે જણાવ્યા મુજબની ગેસ એજન્સીઓ ઉપર તપાસ કરવામા આવેલ છે.

| એજંસીની સંખ્યા | સીઝર જથ્થો | | રાજ્યસાત કરેલ જથ્થો | | ખાતારાહે લીધેલ પગલા |
|---|---|---|---|---|---|
| | ગેસના બાટલા | કિંમત | ગેસના બાટલા | કિંમત | |
| ૩૬ | ૯૨૪ | ૩૯૩૭૩૩ | ૭૫૮ | ૨૯૨૮૯૮ | ૧૯૭૫૦ |

તપાસમા રૂ.૫૮૬૨૨ ની કિંમતનુ વાહન કબજે કરેલ જે રૂ,૧૮૬૨૨ ની કિંમતથી રાજ્યસાત કરેલ છે.

આ ઉપરાંત તપાસ દરમ્યાન કુલ ૩૬ ગેસ એજન્સીઓની તપાસમાં ૧૦ કિસ્સામા જણાયેલ ક્ષતિઓ અન્વયે ઉપર મુજબનો જથ્થો સીઝર તથા રાજ્યસાત કરવામા આવેલ છે જ્યારે બાકીની ૨૬ ગેસ એજન્સીઓમા કોઈ નોંધ પાત્ર ક્ષતિઓ જણાયેલ ન હોઈ દફતરે કરવામા આવેલ છે.

૧૦. અમદાવાદ શહેરમા સને-૨૦૧૧-૧૨ દરમ્યાન નીચેની વિગતે પેટ્રોલ-ડીઝલ વિતરણ કરતા પંપો આવેલ છે.

| | |
|---|---|
| આઈ.ઓ.સી. | ૭૦ |
| બી.પી.સી | ૪૭ |
| એચ.પી.સી. | ૩૨ |
| સેલ | ૩ |
| રિલાયન્સ | ૬ |
| કુલ | ૧૫૮ |

વર્ષ ૨૦૧૧ દરમ્યાન બી.પી.સી કંપનીનો એક પેટ્રોલ પંપ આપવામા આવેલ છે.

૧૧. વર્ષ -૨૦૧૧-૧૨ દરમ્યાન અમદાવાદ શહેરમા આવેલ પેટ્રોલ પંપો ની નીચેની વિગતે તપાસ કરવામા આવેલ છે.

| | |
|---|---|
| પેટ્રોલ પંપની સંખ્યા | ૧૭ |
| તે પૈકી ગેરરીતી જોવા મળેલ તેવા પંપોની સંખ્યા | ૧૩ |
| નોંધપાત્ર ક્ષતિ ન જણાયેલ હોય તેવા પંપો | ૪ |

ક્ષતિ જણાયેલ તેવા ૧૨ પેટ્રોલ પંપો ઉપરથી નીચેની વિગતે જથ્થો સીઝર કરી રાજ્યસાત કરવામા આવેલ છે.

| સીઝર જથ્થો | | | | | | રાજ્યસાત જથ્થો | | | | | | ખાતારાહે રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પેટ્રોલ લી. | કિંમત રૂ. | ડીઝલ લી. | કિંમત રૂ. | લુબ. ઓઈલ લી. | કિંમત રૂ. | પેટ્રોલ લી. | કિંમત રૂ. | ડીઝલ લી. | કિંમત રૂ. | લુબ. ઓઈલ લી. | કિંમત રૂ. | |
| ૯૦૩૩૦ | ૬૦૪૦૨૦૯ | ૫૫૬૭૭ | ૨૧૦૫૭૨ | ૭૮૬ | ૧૦૮૭૦૪ | ૫૨૫૮ | ૨૮૦૪૮૨ | ૧૭૬૦ | ૭૫૨૩૨ | ૨૦૭ | ૩૩૫૮૧ | ૧૫૫૫૦ |

જ્યારે કેસ કિસ્સામા સામાન્ય ક્ષતિ હોઈ ખાતારાહે હેઠળની કાર્યવાહીમા રૂ.૫૫૦ ની અનામત રાજયસાત કરેલ છે જ્યારે એક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ડીઝલમા ભેલસેળ હોવાની ફરીયાદ અન્વયે સદર પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલના ૪ અને ડીઝલના ૨ નમુના લેવામા આવેલ છે જેનું પૃથ્થકરણ કરાવતા નમુના ધોરણસર જણાયેલ છે.

| ૧૧. અત્રેની કચેરીને સને ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચે વિગતે ગ્રાંટ મળેલ છે. વિગત | ૨૦૪૮-નોન પ્લાન | ૨૪૦૮-પ્લાન | ૨૪૦૮-પ્લાન ડેટા એન્ટ્રી | ૩૪૫૬-નોન પ્લાન |
|---|---|---|---|---|
| ખરેખર ઉપલબ્ધ ગ્રાંટ | ૩૭૯૦૦૦૦૦ | ૨૨૨૧૦૦૦ | ૬૦૯૦૦૦ | ૧૯૩૯૦૦૦ |
| અત્યાર સુધી થયેલ ખર્ચ | ૩૭૮૮૩૯૫૭ | ૨૨૧૯૬૦૩ | ૪૭૮૦૦૦ | ૧૯૩૭૩૦૪ |
| સરેન્ડર કરેલ ગ્રાંટ | ૧૬૦૪૩ | ૧૩૯૭ | ૧૩૧૦૦૦ | ૧૬૯૬ |

૧૨ અમદાવાદ શહેરમાં સને ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચે મુજબના કેટેગરી વાઈઝ કાર્ડ છે

| કેટેગરી | કાર્ડ | જન સંખ્યા |
|---|---|---|
| એપીએલ-૧ | ૮૩૯૧૪૨ | ૩૯૬૪૬૬૯ |
| એપીએલ-૨ | ૫૫૯૦૨ | ૨૫૩૯૫૨ |
| બીપીએલ | ૭૮૫૮૬ | ૪૩૬૨૨૬ |
| અંત્યોદય | ૨૧૧૭૫ | ૯૫૯૪૬ |
| કુલ | ૯૯૪૮૦૫ | ૪૭૫૦૭૯૩ |

૧૩ સને ૨૦૧૧-૧૨ દરમ્યાન બીપીએલ અંત્યોદય રેશનકાર્ડ મેળવવા માટે કુલ ૧૬૯૧ અરજીઓ આવેલ છે જે પૈકી અંત્યોદયના ૭૧૯ અને બીપીએલના ૭૧૧ કાર્ડ આપવામા આવેલ છે જ્યારે ૫૬૧ કાર્ડ અંગેની અરજીઓ અત્રેથી દફતરે કરવામાં આવેલ છે.

૧૪. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન વ્યા.ભા.ની દુકાનો ૯૨૭ તપાસો કરવામા આવી જેમા નીચેની વિગતે જથ્થો સીઝર અને રાજ્યસાત કરવામા આવેલ છે.

| આ.ચી.વ | સીઝર | રકમ રૂ. | રાજ્યસાત | રકમ રૂ. | ખાતારાહે કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| | જથ્થો કિ.ગ્રા. | | જથ્થો કિ.ગ્રા. | | |
| અનાજ | ૨૧૮૨૬ | ૧૯૧૫૮૩ | ૨૦૯૨૯ | ૧૭૪૭૭ | ૧૩ પરવાના મોકુફ રાખ્યાં અને ૪ પરવાના રદ કર્યા જ્યારે એક કેસમાં બીપીએમ કરવામા આવ્યુ છે. |
| ખાંડ | ૭૦ | ૯૪૫ | ૫૦૦ | ૮૧૬૭ | |
| કેરોસીન | 5363 લી. | ૭૩૧૮૬ | ૧૦૨૯૪ | ૧૨૮૭૨૧ | |
| સાધન | (ટેમ્પો ૧) | ૫૦૦૦૦ | ૦ | ૦ | |

અમદાવાદ શહેરમા નવી દુકનો ખોલવા માટે કુલ ૫૬ બ્લોક બહાર પાડી જાહેરાત આપવામા આવેલ હતી

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક
અમદાવાદ શહેર

મુદ્દા નં.૪

<u>નિયંત્રક, કાનૂનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની પ્રવૃતિની રૂપરેખા</u>

રાજયના નાગરિકો રોજબરોજની જરૂરીયાતની વસ્તુઓ ખરીદે છે તે ઉત્પાદિત થતી ચીજ વસ્તુઓ પૈકી જીવન માટેની પાયાની વસ્તુઓ એટલેકે ખાદ્ય પદાર્થો, ઘર વપરાશની ચીજ વસ્તુઓ, કૃષિ પેદાશો તથા ઔદ્યોગિક ચીજ વસ્તુઓ વિગેરે તમામ ચીજ વસ્તુઓનું ગુણવત્તા નિયમન થાય તે અત્યંત આવશ્યક છે. જો આ પ્રમાણે યોગ્ય ગુણવત્તા નિયમન ન જળવાય તો નાણાંકિય લેવડ-દેવડ કરતા ગ્રાહકોને તેઓએ ખરીદેલ ચીજ વસ્તુઓ તેમણે ચૂકવેલ નાણાનાં પ્રમાણમાં પુરતા જથ્થામાં યોગ્ય ભાવે અને યોગ્ય ગુણવત્તામાં છે તેની ખાત્રી જાળવી ન શકાય. જે માટે ગ્રાહક સુરક્ષાના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને કાનૂનીમાપ વિજ્ઞાન તંત્ર ધ્વારા ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ તથા ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફો.) રૂલ્સ-૨૦૧૧ નું મુખ્યત્વે અમલીકરણ થાય છે. આ તંત્રની કામગીરીમાં મુખ્યત્વે વજન અને માપના સાધનોની સમયાંતરે ચકાસણી અને મુદ્રાંકન વજનમાપ બનાવવાના / વેચનાર / દુરસ્ત કરનારને પરવાના આપવા, પેકેજનાં સ્વરૂપમાં વેચાતી ચીજ વસ્તુઓ માટે ધી લીગલ મેટ્રોલોજી ( પેકેજડ કોમોડીટીઝ ) રૂલ્સ-૨૦૧૧ ની જોગવાઈઓનો અમલ કરવો વિગેરે કામગીરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્રાહકોનાં અધિકારની રક્ષા થાય અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ ની જોગવાઇઓ મુજબ તેઓને છેતરવામાં ન આવે તે માટેની વિવિધ પ્રકારની પ્રવૃત્તિ જેવી કે ગ્રાહક જાગૃતિ પ્રદર્શન, સેમીનાર, ગ્રાહકોની ફરિયાદોનું સમાધાનકારી નિરાકરણ વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ કામગીરીમાં ઉતરોત્તર ગુણાત્મક સુધારો તથા વધારો થયેલ છે.

કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોનાં વિષયોની મુદ્દાવાર માહિતી નીચે મુજબ છે.

❖ મોબાઈલ યુનિટની કામગીરી :-

- મોબાઈલ યુનિટ સઘન ઝુંબેશ હેઠળ કુલ ૪૦૪ મોબાઈલ કોર્ટ યોજીવામાં આવેલ છે.
- ઓચિંતી મુલાકાત લઇ કુલ ૮૩૫૮ પ્રોસીકયુશન કેસ કરેલ છે.
- પ્રોસીક્યુશન કેસ ધ્વારા કુલ રૂા.૪૧.૫૪ લાખ માંડવાળ ફી સ્થળ ઉપર વસુલ કરેલ છે.

❖ આદિજાતિ વિસ્તારની કામગીરી :-

- રાજયમાં આદિજાતિ વિસ્તાર હેઠળ કુલ-૭ જિલ્લાઓને આવરી લેવાયેલ છે.
- જેમાં ગામડાં / શહેરની કુલ સંખ્યા ૫૪૪ છે.
- વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન આ વિસ્તારોમાં કુલ ૧૪૦૦૩ વેપારી / ફેરીયાની તપાસ કરવામાં આવેલ છે.
- ઓચિંતા દરોડા પાડી કુલ- ૧૨૭૬ વેપારી / ફેરીયાઓની સામે કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### ❖ પેકેજડ કોમોડીટીઝ નિયમો અન્વયે કરેલ કામગીરી :-

- સમગ્ર રાજયમાં પેકેજડ કોમોડીટીઝના નિયમોના ભંગ સબબ કુલ ૭૭૬૧ પ્રોસીકયુશન કેસ કરવામાં આવેલ છે.
- આ નિયમોના ભંગ પૈકી કુલ- 03 એકમ સામે કોર્ટ રાહે કાર્યવાહી હાથ ધરેલ છે.
- કસુરવારો પૈકી કુલ- ૭૬૧૮ એકમો સામેના પ્રોસીકયુશન કેસ ખાતાકીય રાહે માંડવાળ કરેલ છે.
- કસુરવાર એકમો પાસેથી નિયમાનુસાર રૂા. ૪૩.૮૮ લાખ જેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે.

### ❖ વજનમાપ ધારા હેઠળ ચકાસણી મુદ્રાંકન ની આવક :-

- વજનમાપ ધારા હેઠળ વજન અને માપવાના સાધનોની સમયાંતરે ચકાસણી અને મુદ્રાંકન ફી પેટે રૂા. ૧૮,૨૩,૨૧,૫૦૨/- આવક થયેલ છે.

### ❖ મંજુર થયેલ બજેટ અને ખર્ચ :-

- વર્ષ ૨૦૧૧-૧૨ માટે વિવિધ સદરો હેઠળ રૂા. ૧૭૩૭.૫૬ લાખનું બજેટ મંજુર થયેલ છે.
- મંજુર થયેલ બજેટની સામે રૂા. ૧૭૨૭.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

## સઘન ઝુંબેશ કામગીરી અંગે :-

- સમગ્ર રાજયમાં ગ્રાહકોને કિંમતનાં પ્રમાણમાં પુરતો જથ્થો મળી રહે તથા પેકેજડ ચીજ વસ્તુઓમાં ભાવ વધારે લેવામાં ન આવે તે માટે વિવિધ તહેવારોમાં તથા અન્ય રીતે આકસ્મિક સઘન ઝુંબેશ કરવામાં આવે છે.
- નવરાત્રીનાં તહેવાર દરમ્યાન ૧૨૩૫ તપાસણી કરીને કુલ-૨૦૩ એકમો સામે પ્રોસીક્યુશન કેસ કરવામાં આવેલ છે.
- દિવાળીનાં તહેવાર દરમ્યાન ૧૮૮૨ તપાસણી કરીને કુલ-૨૬૫ એકમો સામે પ્રોસીક્યુશન કેસ કરવામાં આવેલ છે.
- હાઈવે-હોટલ, રોસ્ટોરન્ટ વિગેરે જગ્યાઓએ ૧૮૮૩ એકમોની આકસ્મિક તપાસણી કરીને કુલ- ૧૨૦ પ્રોસીકયુશન કેસ કરવામાં આવેલ છે.
- વ્યાજબી ભાવની દુકાન, કેરોસીનના વેપારીઓ, ગેસ ડીલર તથા મીઠાઈની દુકાન પર ૧૯૬૮૪ એકમોની આકસ્મિક તપાસણી કરીને કુલ-૯૭૨ પ્રોસીકયુશન કેસ કરવામાં આવેલ છે.
- પેકેજ કોમોડીટીઝ રુલ્સ હેઠળ ઉત્પાદક/પેકર એકમોની નેટકન્ટેન્ટની ૧૮૪૭ એકમોની તપાસણી (પેકેજમાં ભરાયેલ જથ્થાની તપાસણી) કરવામાં આવી જેમાથી કુલ- ૩૩ નેટકન્ટેન્ટના પ્રોસીકયુશન કેસ કરવામાં આવેલ છે.

## ❖ ગ્રાહક બાબતોની શાખા ધ્વારા કરવામાં આવતી કામગીરી

કાનુની માપ વિજ્ઞાન કચેરીનું તંત્ર રાજયના તમામ જિલ્લાઓમાં ગોઠવાયેલું હોવાથી તેમજ આ તંત્રની સંપુર્ણ કામગીરી ગ્રાહક હિતની હોઈ નિયામક ગ્રાહક પ્રવૃત્તિની કચેરી તા.૧/૭/૨૦૦૪ થી નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન તંત્ર સાથે ભેળવીને નવું નામાભિધાન નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતોની કચેરી આપેલ છે. આ કચેરીની મુખ્યત્વે કામગીરી આ પ્રમાણે છે.

(૧) ગ્રાહકોના હિત, રક્ષણ અને જાગૃતિ માટે કામગીરી.

(૨) ગ્રાહકોની જાગૃતિ માટે પ્રદર્શન, સેમીનાર, શીબીરો યોજી માર્ગદર્શન આપવું.

(૩) રાજયકક્ષાના / જિલ્લાકક્ષાએ ૨૪ ડીસેમ્બર તથા ૧૫ મી માર્ચ તથા અન્ય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરવું તથા હાજરી આપી માર્ગદર્શન આપવું.

(૪) ગ્રાહક જાગૃતિ અંગેના પ્રચાર– સાહિત્ય, પોષ્ટર, સી.ડી. પુસ્તિકા, ચોપાનીયા તૈયાર કરવા.

(૫) ગ્રાહક જાગૃતિ માટે દૂરદર્શન જેવા દશ્ય શ્રાવ્ય માધ્યમમાં જાહેરાતો અને વૃત્ત ચિત્રો તૈયાર કરી પ્રસારીત કરાવવા.

(૬) ગ્રાહક જાગૃતિ માટે રેડીયો પર ગ્રાહક જાગૃતિ ની સામગ્રી પ્રસારીત કરાવવી.

(૭) રાજય સરકાર ધ્વારા ગ્રાહક સુરક્ષા અધિકારી તરીકે જિલ્લા પુરવઠા અધિકારી અને મદદનીશ તોલમાપ નિયંત્રકને નામાધિધાન આપેલ છે. જે બાબતે ગ્રાહક સુરક્ષાની કામગીરીનું મોનીટરીંગ કરવું.

(૮) વિદ્યાર્થીઓની જાગૃતિ માટે સ્કુલોમાં કન્ઝયુમર્સ કલબની સ્થાપના કરવી. અને તેના સુંદર સંચાલન માટે રાજય સરકાર તરફથી નાણાકીય સહાય આપવી.

(૯) ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોકભાગીદારી થાય તે હેતુસર ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવી.

(૧૦) ગ્રાહક સુરક્ષા મંડળ તરીકે સ્વૈચ્છિક મંડળોની ચેરીટી કમિશ્નર કચેરીમાં નોંધણીના હેતુસર ' ના વાંધા પ્રમાણપત્ર ' આપવું.

(૧૧) સરકાર માન્ય ગ્રાહક સુરક્ષા મંડળને નાણાંકીય સહાય આપવી.

(૧૨) ગ્રાહકોના હિત તથા અધિકારોના રક્ષણના હેતુસર ફરીયાદોનું નીરાકરણ કરવું અને છાપા ટી.વી. ઉપર આવતી લલચામણી જાહેરાત સામે કાર્યવાહી

(૧૩) લલચામણી / છેતરામણીવાળા / ગેરમાર્ગે દોરતી જાહેરાત સામે ગ્રાહકના હિતોનું રક્ષણ કરવું.

(૧૪) જિલ્લામાં, જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદની સ્થાપના અને તેના મીટીગના આયોજન માટે ગ્રાન્ટની ફાળવણી કરવી.

(૧૫) રાજય સરકાર ધ્વારા નિયુકત કરેલ ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીની તાલીમ માટે ગ્રાન્ટની ફાળવણી કરવી.

(૧૬) રાજય સરકાર ધ્વારા નવા મંડળોને માન્યતા આપવા માટે કા.પા.ગ.ની કારોબારી સાથે કામગીરી કરવી.

(૧૭) ૨૫ મી જુન તથા ૧૫ મી સપ્ટેમ્બરના રોજ રાજય ગ્રાહક દિનની ઉજવણી માટે કાર્યક્રમો તૈયાર કરવા.

(૧૮) ૨૪ મી ડીસેમ્બર અને ૧૫ મી માર્ચના ગ્રાહક દિનોની ઉજવણી માટે માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને નાણાંકીય સહાય તથા કલેકટરશ્રીઓને ગ્રાન્ટની ફાળવણી.

## ❖ કન્ઝયુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.)

• ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે તેમજ ગ્રાહકોના હિતનું રક્ષણ થાય તે માટે રાજય સરકારે ૧૯૮૫ થી કા.પા.ગ.ની રચના ધી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એકટ--૧૯૫૦ હેઠળ કરેલ છે. કા.પા.ગ.ના ચેરમેન તરીકે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સચિવશ્રી ફરજ બજાવે છે અને નિયામક તરીકે નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતોની પ્રવૃત્તિ ફરજ બજાવે છે. કા.પા.ગ.ની કારોબારી સમિતિમાં સાત–સરકારી સભ્યો તથા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળની ચુંટણીથી નિયુકત થયેલ ૫–બીનસરકારી સભ્યો જેમાં ફરજીયાતપણે એક મહિલા સભ્યની તેમજ એક આદિવાસી સભ્યની જોગવાઈ છે. કા.પા.ગ. ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા તથા નાણાંકીય સહાય આપવા માટે સરકારશ્રીને ભલામણ કરે છે.

## ❖ ગ્રાહક સુરક્ષા મંડળ :-

સરકાર ધ્વારા ગ્રાહકોના હિત તેઓની સુરક્ષા માટે કામ કરતાં મંડળોને ગ્રાહક પ્રવૃત્તિ હાથ ધરવા માટે માન્યતા તથા નાણાંકીય સહાય આપવામાં આવે છે. રાજયમાં હાલમાં ૫૮ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવેલ છે. આ મંડળો તેમની પ્રવૃત્તિ સારી રીતે કરી શકે તે માટે મંડળોને સરકારશ્રી ધ્વારા તાલુકાકક્ષાના મંડળોને રૂપિયા ૬૦,૦૦૦/–, જિલ્લા કક્ષાના મંડળોને રૂા. ૮૦,૦૦૦/– અને છ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારના જિલ્લાકક્ષાના મંડળને રૂા. ૧,૦૦,૦૦૦/– સુધીની નાણાંકીય સહાય મંજુર કરવામાં આવે છે.

❖ ગ્રાહક જાગૃતિ અંગે પ્રચાર/પ્રસાર ની વર્ષ ૨૦૧૧-૧૨ માં કરેલ કામગીરી

❖ વિશાળ ગ્રાહક વર્ગમાં જાગૃતતા આવે તે હેતુસર ગુજરાત રાજ્યમાં દોડતી વેસ્ટર્ન રેલ્વેની ટ્રેન જેવી કે ----

- (૧) ડેમુ-અમદાવાદ-મહેસાણા-પાલનપુર-આબુરોડની ડેમુ ટ્રેનમાં માહે મે-૧૧ થી ફેબ્રુ-૧૨ સુધીની મુદત માટે ૪૦ સ્ટિકરો/પોસ્ટરો
- (૨) વડોદરા –ભરૂચ-સુરત-વલસાડ-વાપી- ભિલાડ એક્સપ્રેસ ટ્રેનમાં માહે મે-૧૧ થી ફેબ્રુ-૧૨ સુધીની મુદત માટે ૪૮સ્ટિકરો/પોસ્ટરો
- (3) વલસાડ-સુરત-અંકલેશ્વર- ભરૂચ-વડોદરા –અમદાવાદ ગુજરાત કવીન ટ્રેનમાં માહે મે-૧૧ થી ફેબ્રુ-૧૨ સુધીની મુદત માટે ૬૮ સ્ટિકરો/પોસ્ટરો લગાડવા આવેલ છે.
- જીલ્લા મથકો તથા પ્રસિધ્ધ યાત્રાધામ ના એસટી બસ મથકો એ સમયપત્રકની બાજુમાં ગ્રાહક જાગૃતિ ની જાહેરખબરો છાપીને ગ્રાહક જાગૃતિ નો પ્રચાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- એ.એમ.ટી.એસના બસ સ્ટેન્ડ પર ગ્રાહક જાગૃતિ ના ૧૦ બિલબોર્ડસ લગાવીને ગ્રાહક જાગૃતિ નો પ્રચાર કરેલ છે.

❖ ગ્રાહક જાગૃતિના જુદા જુદા વિષયો જેવા કે :-

- (૧) બિલ્ડીંગ-મકાન-પ્લોટ અને ગ્રાહક સુરક્ષા (૨) ખેતી વિષયક (૩) શૈક્ષણિક સેવાઓ (૪) વીમા સેવાઓ અને ગ્રાહક સુરક્ષા (૫) બેંકીંગ સેવાઓની ખામી અને ગ્રાહક સુરક્ષા (૬) ગ્રાહક જાગૃતિ અને ગ્રાહક ફોરમ /કમિશન (૭) વાહન વ્યવહાર સેવાઓ (બસ+રેલ્વે+હવાઇ) તથા વાહન લોન જેવા વિષયો પરની ૨૫-૨૫ મિનિટની ડોક્યુડ્રામા ગતવર્ષે બનાવેલ જેના કુલ ૭ કાર્યક્રમોનું દૂરદર્શન મારફ્તે દર શનિવારે તા.૨૫/૬/૨૦૧૧ થી તા.૨૯/૮/૨૦૧૧ સુધી કરાવેલ .

- આ ઉપરાંત ગ્રાહક જાગૃતિના ઉપયુકત જુદા જુદા વિષયો પર બીજી સાત (૭) ૨૫-૨૫ મિનિટની ડોક્યુડ્રામા તથા ૩૦ સેકન્ડની આઠ કવીકી તૈયાર કરાવેલ. જેના કુલ ૪૨ કાર્યક્રમોનું પ્રસારણ દૂરદર્શન મારફ્તે તા.૫/૧/૧૨ થી તા. ૧૫/૩/૧૨ સુધી કરાવેલ .

- સી.ઈ.આર.સી ધ્વારા "ઈનસાઈટ" મેગેઝીન, જે ગ્રાહક સુરક્ષાને લગતુ છે તેનુ ગુજરાતી ભાષાંતર કરી, બહાર પાડવામાં રૂ. ૧૭.૭૦ લાખની સહાય મજૂર કરવામાં આવેલ જે મુજબ છ અંકો પ્રકાશિત થયેલ છે.

- ચાલુ વર્ષ માં રાજય ના ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીઓ તથા તમામ સ્વૈચ્છિક ગ્રાહક મંડળના પ્રતિનિધિઓને તાલીમ આપવા સી.ઇ.આર.સી દ્વારા "ગ્રાહક જાગૃતિ અને ગ્રાહક સુરક્ષા" અંગે દિન – ૩ ની તાલીમ ની બે બેચ યોજવાનુ આયોજન કરેલ.છે. જેની પ્રથમ બેચ તા.૨૭,૨૮,૨૯ -જુલાઇ -૨૦૧૧ ના રોજ યોજાયેલ જેમાં ગ્રાહક સલાહકેન્દ્રમાં જોડાયેલ ગ્રાહક મંડળના પ્રતિનિધિઓને અને બીજી બેચ તા. ૨૮,૨૯,૩૦ માર્ચ – ૨૦૧૨ ના રોજ યોજાયેલ જેમાં તોલમાપ નિરિક્ષકશ્રીઓને તાલીમ આપવામાં આવેલ છે

## ❖ ગ્રાહકો ફરીયાદ નિવારણ :-

રાજયકક્ષાની નિયામક, ગ્રાહક બાબતોની કચેરી દ્વારા ગ્રાહકો તરફથી મળેલ સીધી ફરીયાદો તથા સરકારશ્રીને મળેલ ફરીયાદો આ કચેરીના તોલમાપ નીરીક્ષકો દ્વારા ફરીયાદીનો રુબરુ સંપર્ક સાધીને ફરીયાદી તથા જે તે કંપની વચ્ચે સમજુતી કરીને બન્ને વચ્ચે સમાધાન થાય અને ફરીયાદીને સંપુર્ણ ન્યાય મળે તે રીતે ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે. જયા પ્રિલીટીગેશન થી ફરીયાદ નિકાલ શકય ન હોય, તો ગ્રાહકોને ગ્રાહક ફોરમમાં ફરીયાદ દાખલ કરવા સલાહ અપાય છે. અને આ બાબતે જરુર જણાય તો ગ્રાહકને માર્ગદર્શન પણ આપવામાં આવે છે. નિયામક, ગ્રાહક બાબતોની કચેરી દ્વારા તા ૧/૪/૨૦૧૧ થી તા.૩૧/૩/૧૨ સુધી માં ૧૨૩ મળેલ ફરીયાદ પૈકી ૬૮ ફરીયાદનો નિકાલ કરાયેલ છે.

## ❖ ગ્રાહક જાગૃતિ અને સુરક્ષા અંગેનાં હોર્ડીંગ્સ બાબત :-

રાજયમાં ગ્રાહક જાગૃતિ તેમજ સુરક્ષા બાબતે પ્રચાર માટે રાજ્યના પસંદગીયુકત ૫૨ (બાવન) સ્થળોએ ૧૫ X 30 ફૂટના હોર્ડિંગ્સ ઉભા કરવામાં આવેલ છે. રાજયના ભાવિ નાગરિકોમાં ગ્રાહક જાગૃતિ વધે તે માટે તથા રાજ્યનું યુવાધન ગ્રાહક સુરક્ષા પ્રવૃતિમાં જોડાવવા પ્રેરાઇને, રાજયમાં ગ્રાહક પ્રવૃત્તિને સારો એવો વેગ મળે તે હેતુસર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી કન્ઝયુમર્સ કલબની યોજના ચાલુ કરેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૦૦૦ કન્ઝયુમર્સ કલબ તૈયાર કરવામાં આવી રહેલ છે જેમાં જીલ્લાવાર એક સંકલન એજન્સી તરીકે માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ કામગીરી કરશે રાજય સરકાર દ્વારા કલબ દીઠ રૂ.૫,૦૦૦/-(કલબને રૂ.૪૦૦૦/- તથા સંકલન એજન્સી રૂ. ૧૦૦૦/-) લેખે નાણાકીય સહાય ચુકવવામાં આવે છે આમ એક નાણાકીય વર્ષમાં રૂ.૫૦ લાખની નાણાકીય સહાય ચુકવવામાં આવેલ. રાજયમાં ગ્રાહક ના માગદર્શન તથા તેમના વિવાદોના નિકાલમાં મદદરુપ થવા માટે ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ ખાતે બી.એસ.એન.એલ ની ચાર ટોલફ્રી સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઇન તા.૨૪-૧૨-૦૮ ના રોજથી કાર્યવિન્ત કરવામાં આવેલ છે. સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઇન ન- ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ છે. જે પરથી ગ્રાહકો તેઓ ને પડતી જુદી જુદી મુશ્કેલી ની ફરીયાદો તથા તેના નિરાકરણ માં શું કરી શકાય તે બાબતે માર્ગદર્શન મેળવી શકે છે જેમાં તા ૧/૪/૨૦૧૧ થી તા.૩૧/૩/૧૨ સુધી માં ૯૬૨૨ જુદી જુદી કવેરીઝ મળેલ છે.

- જીટીઝેડ તથા ભારત સરકારના ગ્રાહક બાબતોનો વિભાગ તથા રાજ્ય સરકારના સંયુક્ત પ્રોજેકટના સહયોગ થી આ GTZ પ્રોજેકટ અંર્તગત ગ્રાહક સલાહકાર કેન્દ્રોની કુલ છ ગ્રાહક સલાહકાર કેન્દ્રો ની સ્થાપના કરવામાં આવેલ આ ઉપરાંત ગ્રાહક સલાહકાર કેન્દ્ર તરીકે અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળ ૧૭ માન્યતાપ્રાપ્ત ગ્રાહક મંડળો કે જે મંડળ પોતાની મેળે અને કોઇપણ સહાય વગર ગ્રાહક સલાહકાર કેન્દ્ર પ્રોજેક્ટમાં સ્વૈચ્છાએ જોડાયેલ છે. તેઓ જીટીઝેડ પ્રોજેકટ અંતર્ગતના સોફટવેરમાં ગ્રાહક ફરીયાદ બાબતે ઓનલાઇન કામગીરી કરે છે. તથા ગ્રાહક સલાહકાર કેન્દ્રોમાં ગ્રાહક સુરક્ષાને લગતા વિવિધ પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા માટે ગ્રાહક મંડળો દ્વારા ગ્રાહકોના પ્રશ્નો નો ઉકેલ વિષય નિષ્ણાતો કરશે આ માટે આ નોડલ એજન્સી તરીકે ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી CERC કામગીરી કરે છે. તથા જેનું મોનીટરીંગ તથા માર્ગદર્શન, તાલીમ વિ. પણ CERC દ્વારા થાય છે.

- અમરેલી તથા ખેડા જીલ્લાના સદભાવના કાર્યક્રમ માં ગ્રાહક સુરક્ષા અને તોલમાપનું પ્રર્દશન નું આયોજન કરેલ તથા ગ્રાહક સુરક્ષાને લગતુ સાહિત્ય વિતરણ કરાવેલ.

- ખેડા તથા સુરેન્દ્રનગર જીલ્લામાં ૨૬ મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ગ્રાહક સુરક્ષા વિષયે ટેબ્લો રજુ કરીને, ગ્રાહક પ્રસાર-પ્રચાર કરેલ છે.

- ભારત સરકાર દ્વારા ગ્રાહક જાગૃતિ માટે સાહીત્ય છપાવીને . તેનુ વિતરણ કરવા માટે ૧,૩૯,૨૫૦૦૦ ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તેમાંથી ભારત સરકાર ની માર્ગદર્શિકા મુજબ આંધ્રપ્રદેશ સરકાર તથા ડૉ નિરજા તેરાપોલુ દ્વારા તૈયાર કરાયેલ ગ્રાહક શિક્ષણ વૉલ્યુમ -૧ તથા ૨ ની કુલ – ૧૦ પુસ્તિકાઓનું ગુજરાતીકરણ કરીને, સરકારી પ્રેસમાં છાપકામ કરાવીને, તે પુસ્તિકાઓનું વિનામૂલ્યે રાજ્યની તમામ માધ્યમિક શાળાઓ . લાયબ્રેરી,કોલેજો,માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો, જીલ્લાપુરવઠા અધિકારીશ્રીઓ,મદદનીશ તોલમાપ અધિકારીશ્રીઓ.મામલતદાર. ગ્રાહક ફોરમ –રાજ્ય કમિશન . કન્ઝ્યુમર કલબ ને વિતરણ કરાવેલ છે.

- ભારત સરકારે ૧૫ મી માર્ચ ના રોજ "વિશ્વ ગ્રાહક દિન" તથા ૨૪મી ડીસેમ્બર ને "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન" તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જે મુજબ રાજય સરકાર દ્વારા ૧૫ મી માર્ચ "વિશ્વ ગ્રાહક અધિકાર દિન" તથા ૨૪ મી ડીસેમ્બર "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસો ની ઉજવણી માં રાજય કક્ષાએ સેમીનાર નું આયોજન કરવામા' આવે છે. આ ઉજવણી માટે બન્ને દિનો માટે જિલ્લાકક્ષાએ ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીઓ કૂલ રૂ. ૬,૦૦,૦૦૦ લાખની તથા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને દરેકને રૂ.૧૦.૦૦૦ સુધીની નાણા સહાય આપવામાં આવે છે. આ દિવસો ની ઉજવણી માં રાજય કક્ષાએ સેમીનાર નું આયોજન કરવામા' આવે છે. તથા જિલ્લાકક્ષાએ સરકાર માન્ય ગ્રાહક મંડળો પુરવઠાતંત્ર અને તોલમાપ તંત્ર ની મદદથી રેલીઓ, ગ્રાહક શિબિરો, પ્રદશનો,શેરી નાટકોનું આયોજન કરી ગ્રાહક જાગૃતિનો ફેલાવો કરે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૨૫ મી જુન તથા ૧૫મી સપ્ટેમ્બર એમ બે દિવસો " ગ્રાહક દિન" તરીકે ઉજવાય છે.

સને ૨૦૧૧–૧૨ નો વાર્ષિક વહીવટી અહેવાલ પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.,ની સ્થાપના તા.૦૨/૧૦/૧૯૮૦ નાં રોજ રાજ્ય સરકાર ધ્વારા કંપની એક્ટ ૧૯૫૬ હેઠળ સરકારી કંપની તરીકે કરવામાં આવી છે. આ નિગમ સંપુર્ણપણે રાજ્ય સરકારની માલીકીનું સાહસ છે. નિગમની સ્થાપનાના હેતુઓ મુખ્યત્વે જાહેર વિતરણ વ્યવસ્થાને સુદૃઢ કરવાનો છે, આ હેતુઓ સિધ્ધ કરવા માટે નિગમે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

(૧) અનાજની પ્રાપ્તિ,સંગ્રહ,જાળવણી તથા વ્યાજબી ભાવની દુકાનોને વિતરણ
(૨) ખાદ્યતેલોની પ્રાપ્તિ તથા વ્યાજબી ભાવની દુકાનોને વિતરણ
(૩) L.P.G. ની એજન્સીઓ,પેટ્રોલ પંપ અને તેનું વિતરણ
(૪) લેવીખાંડ અને અન્ય ચીજ વસ્તુઓની પ્રાપ્તિ અને વિતરણ તથા વ્યાજબી ભાવની દુકાનો મારફત વિતરણ
(૫) કલ્પતરૂ ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ અને ફરતી દુકાનો.

નિગમની કાર્યવાહી સને ૨૦૧૧–૧૨ નું વર્ષ નિગમની કાર્યવાહીનું ૩૧ મું વર્ષ હતું. આ વર્ષે પણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની જાહેર વિતરણ યોજના હેઠળની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમના અમલીકરણ આ નિગમે ચાલુ રાખેલ છે. ગુજરાત રાજ્યમાં જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓનું વિતરણ જુદી જુદી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવે છે, જેવી કે,

**<u>લક્ષિત જાહેર વિતરણ યોજના :–</u>**

લક્ષિત જાહેર વિતરણ યોજના અન્ન નાગરિક પુરવઠા વિભાગની સંકલીત યોજના છે. આ લક્ષિત જાહેર વિતરણ યોજના ત્રણ ભાગમાં વહેંચાયેલી છે.

**(૧) બી.પી.એલ. (૨) અંત્યોદય (૩) એ.પી.એલ.**

(૧) **<u>ગરીબી રેખાથી નીચે જીવતાં કુટુંબો માટેની યોજના (બી.પી.એલ.)</u>**

(અ) ઘઉં:–તા.૧/૪/૨૦૧૧ થી બીપીએલ યોજનામાં ૧૨.૫ કિલોગ્રામ ઘઉંનો આટો અને ૫૦૦ ગ્રામ ડીફેટેડ સોયા ફ્લોર ઉમેરીને કુલ ૧૩ કિલોગ્રામની બેગ લાભાર્થીને પ્રતિબેગ રૂ.૨૬/– ના ભાવે રાજ્યના તમામ બી.પી.એલ.કુટુંબોને ઉપલબ્ધ કરાવવામાં આવતી હતી. માહે જુલાઈ–૨૦૧૧ થી વિતરણ પ્રમાણ ૧૦ કિ.ગ્રા.પ્રતિ લાભાર્થી કરવામાં આવેલ હતું. માહે નવેમ્બર–૨૦૧૧ થી આટાના વિકલ્પે ઘઉંનું વિતરણ કરવામાં આવેલ હતું.

નિગમની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિ કિલો રૂા.૩.૩૪ પૈસા, ફોર્ટીફિકેશન ચાર્જ ૦.૯૪ પૈસા, વધારાના પરિવહન ખર્ચ પ્રતિ કિલો ૦.૩૦ પૈસા તથા સોયા ફ્લોરની ખરીદ કિંમત રાજ્ય સરકાર ધ્વારા સબસીડી સ્વરૂપે ભોગવવામાં આવતી હતી.

**માહે એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં આ યોજના હેઠળ ૧,૫૭,૦૪૧ મે.ટન આટાનું તથા ૧,૩૮,૨૫૩ મે.ટન ઘઉંનું વિતરણ કરવામાં આવેલ હતું.**

(બ) ચોખાઃ–આ યોજના હેઠળ પ્રતિ કિલોગ્રામ રૂા.૩.૦૦ ભાવે વ્યક્તિ દીઠ માસિક ૧.૦૦ કિલોગ્રામ અને કાર્ડદીઠ મહત્તમ ૩.૫ કિલોગ્રામ મુજબ ચોખાના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. નિગમની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિકિલો ગ્રામ રૂા.૩.૯૭ પૈસા રાજ્ય સરકાર સબસીડી તરીકે ભોગવે છે.

**વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન બી.પી.એલ.યોજના હેઠળ ૯૩,૯૭૫ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.**

**(ક) સ્પેશીયલ એડહોક / એડીશનલ એલોટમેન્ટ અન્ડર બી.પી.એલ.**

બીપીએલ યોજનાની ઘઉની બચત ફાળવણીનો જથ્થો બીપીએલ કાર્ડધારકોને કાર્ડદીઠ ૧૫ કિલોગ્રામ પ્રમાણે પ્રતિ કિલોના રૂા.૫.૪૦ ના ભાવથી તથા કાર્ડદીઠ ચોખા ૬.૫ કિલોગ્રામ પ્રતિ કિલોના રૂા.૭.૦૦ ના ભાવથી વિતરણ કરવાનું ઠરાવેલ છે. બીપીએલ સ્પે.યોજનમાં ઘઉ અને ચોખાની પડતર કિંમત મુજબ જથ્થો વિતરણ કરવામાં આવતો હોય રાજ્ય સરકારને કોઈ વધારાની સબસીડી ભોગવવાની થતી નથી અને બીપીએલ કાર્ડધારકોને ખુલ્લા બજાર કરતાં ઓછા ભાવથી ઘઉ–ચોખાની જથ્થો પ્રાપ્ત થઈ શકે.

**માહે એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં આ યોજના હેઠળ ૨,૩૩,૫૪૧ મે.ટન ઘઉં તથા ૧,૪૭,૯૦૩ મે.ટન ચોખાનું વિતરણ થયેલ છે.**

**(ડ) એ.પી.એલ. ટુ બી.પી.એલ.:–**

બીપીએલ યોજનાના લાભાર્થીઓને ૩૫ કિલોગ્રામ પ્રમાણે અનાજ ઉપલબ્ધ કરાવવા માટે બીપીએલ યોજનાની ફાળવણી અન્વયે ખૂટનો જથ્થો એપીએલ યોજનામાંથી તબદિલ કરી "એપીએલ ટુ બીપીએલ" યોજના અંતર્ગત રૂા.૭.૫૦ પૈસા પ્રતિ કિલોગ્રામના ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં આ યોજના હેઠળ ૧,૩૦,૯૪૯ મે.ટન ઘઉંનું વિતરણ થયેલ.

**(૨) અંત્યોદય અન્ન યોજના :–**

રાજ્યના ગરીબી રેખાથી નીચે જીવતાં બીપીએલ કુટુંબો પૈકી અત્યંત ગરીબ કુટુંબોને ઘઉ–ચોખાનું વિતરણ કરવા માટે ભારત સરકાર ધ્વારા બી.પી.એલ.યોજના કરતાં નીચા ભાવથી આ યોજના હેઠળ ઘઉ–ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે.

(અ) ઘઉઃ–આ યોજના હેઠળ માહે એપ્રિલ–૨૦૧૧ થી જુન–૨૦૧૧ સુધી કાર્ડદીઠ ૧૯.૦૦ કિલો ગ્રામ આટાની પ્રતિબેગ (૧ કિલોગ્રામ સોયા ફ્લોર) રૂા.૩૮/– ના ભાવે વિતરણ કરવામાં આવતી હતી. જુલાઈ–૨૦૧૧ થી કાર્ડદીઠ ૧૦.૦૦ કિલોગ્રામ આટો વિતરણ કરવામાં આવતો

હતો. નવેમ્બર–૨૦૧૧ થી આટાના વિકલ્પે ઘઉંનું વિતરણ કરવામાં આવતું હતું. નિગમની અંત્યોદય અન્ન યોજનાના ઘઉંની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિ કિલોગ્રામ રૂા.૧.૦૦ પૈસા, રૂા.૦.૯૪ પૈસા ફોર્ટીફિકેશન ખર્ચ, રૂા.૦.૩૦ પૈસા વધારાનો પરિવહન ખર્ચ તેમજ ટોસ્ટેડ ડીફેટેડ સોયા ફલોરના ખરીદ ખર્ચ રાજય સરકાર ઘ્વારા નિગમને સબસીડી તરીકે ચુકવવામાં આવે છે.

**માહે એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ કુલ ૬૧,૮૪૬ મે.ટન આટો તથા ૧,૦૧,૧૬૦ મે.ટન ઘઉંનું વિતરણ કરવામાં હતું.**

(બ) **ચોખા:**–આ યોજના હેઠળ પ્રતિ કિલોગ્રામ રૂા.૩.૦૦ ના ભાવે કાર્ડદીઠ ૧૬.૦૦ કિલોગ્રામ મુજબ ચોખાના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. નિગમની ચોખાની પડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતની રકમ પ્રતિ કિલોગ્રામ રૂા.૧.૦૬ પૈસા રાજય સરકાર સબસીડી તરીકે ભોગવે છે.

**માહે એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ કુલ ૧,૩૮,૩૪૦ મે.ટન ચોખાના જથ્થાનું વિતરણ થયેલ છે.**

(૩) **ગરીબી રેખાથી ઉપર જીવતાં કુટુંબો માટેની યોજના (A.P.L.):–**

આ યોજના હેઠળ ગરીબી રેખાથી ઉપર જીવતાં કુટુંબો સિવાયના તમામ કુટુંબોને આવરી લેવામાં આવેલ છે.

(અ) **ઘઉં:**–આ યોજના હેઠળ હાલમાં પ્રતિ કિલોગ્રામ રૂા.૭.૫૦/– ના ભાવે કાર્ડદીઠ મહત્તમ ૧૫ કિલોગ્રામ ઘઉંના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

**એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં એ.પી.એલ.યોજના હેઠળ ૩,૬૭,૯૫૯ મે.ટન ઘઉંના જથ્થાનું વિતરણ થયેલ છે.**

(બ) **ચોખા:**–આ યોજના હેઠળ હાલમાં કેન્દ્ર સરકાર ઘ્વારા માહે જુન–૨૦૦૮ થી જુલાઈ–૨૦૧૦ સુધી ચોખાના જથ્થાની ફાળવણી બંધ કરેલ છે.

(૪) **અન્નપુર્ણા યોજના :**–આ યોજનામાં ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃઘ્ધો કે જેઓ રાષ્ટ્રિય નિરાધાર વૃઘ્ધો માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાપાત્ર હોય પરંતુ પેન્શન મેળવતાં નથી તેવા નાગરિકોને માસિક ૧૦ કિલોગ્રામ ઘઉં વિના–મુલ્યે આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન આ યોજનામાં ૬૩૭ મે.ટન ઘઉંના જથ્થાનું વિતરણ થયેલ છે.**

(૫) **ધોરણ–૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મુલ્યે અનાજ વિતરણની યોજના:–**

અમલવારી રાજયના શિક્ષણ વિભાગ ધ્વારા કરવામાં આવે છે, જેમાં અનાજના જથ્થાની પ્રાપ્તિ તથા વિતરણની કામગીરી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમને સોંપવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી ધ્વારા ફાળવણી થયા મુજબના જિલ્લાઓમાં આ યોજનામાં માહે એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ સુધીમાં ૩૦,૩૧૫ મે.ટન ઘઉના જથ્થાનું ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ફાળવેલ જથ્થાની પ્રાપ્તિ કરી વિતરણ થયેલ છે.

**(૬) ફુડ સિકયોરીટી (અન્ન બ્રહ્મ યોજના) :–**

જે વ્યકિત પાસે કોઈપણ પ્રકારનું રેશનકાર્ડ નથી તેવી અત્યંત ગરીબ/અશકત/નિરાધાર વ્યકિત તેમજ હોસ્પીટલના બીછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરીયાત છે તથા સામાન્ય દેખાવ ઉપરથી યોગ્ય લાગે તેવી જરૂરીયાતમંદ વ્યકિત/કામદાર/ઘર વિહોણી એકલી વ્યકિત અથવા કુટુંબ(બાળકો સહિત), ઘર વિહોણા અને અનાથ બાળકો એટલે કે, સ્ટ્રીટ ચિલ્ડ્રન વગેરે પૈકી મામલતદારશ્રી/જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની સ્વવિવેક બુધ્ધિથી પસંદગી કરેલ લાભાર્થીને પ્રથમ તબક્કે છ માસ માટે અન્નમ બ્રહ્મ નામની યોજનાનું કાર્ડ આપી માસિક ૧૦ થી ૧૫ કિલોગ્રામ અનાજ વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે. આ માટે રાજયની તમામ મામલતદાર કચેરીને ૧૦ કવીન્ટલ અનાજ ફાળવવાની યોજન અમલમાં છે. વર્ષ ૨૦૧૦–૧૧ થી આ યોજનાના નામમાં ફેરફાર કરી "અન્નમ બ્રહ્મ યોજના" કરેલ છે.

**વર્ષ ૨૦૧૧–૧૨ માં આ યોજના હેઠળ ૧૨૯ મે.ટન ઘઉનો જથ્થો વિતરણ કરવામાં આવેલ છે.**

**(૭) લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી :–**

રવિ માર્કેટીગં સીઝન ૨૦૧૧–૧૨ માટે લઘુત્તમ ટેકાના ભાવે ઘઉની ખરીદી માટે લઘુત્તમ ટેકાના ભાવ રૂા.૧૧૮૦/– પ્રતિ કવીન્ટલથી કેન્દ્ર સરકાર ધ્વારા જાહેર થયેલ. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.,ને નોડલ એજન્સી તરીકે નિમવાનો હુકમ રાજય સરકારશ્રી ધ્વારા કરવામાં આવતાં નિગમ ધ્વારા રાજયના ૨૫ જિલ્લામાં આવેલ નિગમના ૧૮૮ ગોડાઉન કેન્દ્રોને ખરીદ કેન્દ્ર જાહેર કરી, ખરીદીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. અને વર્ષ ૨૦૧૧–૧૨ માં કુલ ૭૩,૩૯૩ મે.ટન ઘઉની ખરીદી કરવામાં આવેલ હતી.

(બ) નિગમ ધ્વારા ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષ દરમ્યાન વાર્ષિક હિસાબોમાં દર્શાવ્યા મુજબ આવશ્યક ચીજ વસ્તુઓના વિતરણ/વેચાણની જે કામગીરી સંભાળવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| જથ્થાની વિગત | સ્કીમ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|
| ઘઉં | | ૧૦,૨૧,૭૩૧ |
| ઘઉં | એમ.ડી.એમ. | ૪૦૧૫૭.૬૦ |
| ઘઉં | આઈ.સી.ડી.એસ | ૫૩૪૪૭.૪૨ |
| આટો | | ૨,૧૮,૮૮૭ |
| ચોખા | | ૩,૮૦,૨૧૮ |
| ચોખા | એમ.ડી.એમ. | ૪૫૦૬૨ |
| ચોખા | આઈ.સી.ડી.એસ | ૦૦ |
| તુવેરદાળ | એમ.ડી.એમ. | ૪૧૬૫૦૨ |
| મગદાળ | એમ.ડી.એમ. | ૪૯૩૬.૧૦ |
| મકાઈ | | ૩૬૦ |
| ન્યુટ્રીકેન્ડી | એમ.ડી.એમ. | ૨૮૦૨૫ |
| ન્યુટ્રીકેન્ડી | આઈ.સી.ડી.એસ | ૩૦૬૬૫૬ |
| ચણા | | |
| ચણાદાળ | એમ.ડી.એમ. | ૨૪૦૦.૫૩ |
| R.B.D. પામોલીન તેલ | | ૧૧,૯૬૮ |
| રીફાઈન્ડ કપાસીયા તેલ | | ૮૭૯૫ |
| લેવીખાંડ | | ૭૩,૪૦૭ |
| મીઠું | | ૨૧,૪૭૮ |
| ટર્ન ઓવર કરોડમાં | | |

(૮) **લેવીખાંડ** :–ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., લેવીખાંડના જથ્થાબંધ નોમીની તરીકે કામ કરે છે. નિગમ રાજ્યના ૨૬ જિલ્લાઓના તથા અમદાવાદ શહેર મળી અંદાજે કુલ ૨૫૦ તાલુકાઓમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લેવીખાંડનું વિતરણ સરકારશ્રીની જાહેર વિતરણ પ્રણાલી તથા નિયત કરેલ ભાવે કરે છે વર્ષ ૨૦૧૧–૧૨ ની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ફાળવણી | નિગમ ફાળવણી | ઉપાડ(મે.ટન) | વિતરણ(મે:ટન) |
|---|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૭૬૩૬૦ | ૭૫૯૫૫ | ૭૫૭૧૪ | ૭૩૪૦૭ |

## (૯) આયોડીન યુકત મીઠું (આદિજાતિ વિસ્તારો)

(અ) વર્ષ ૨૦૧૧–૧૨ માં રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ વિસ્તારોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૧૨ જિલ્લાઓ જેવા કે,બનાસકાંઠા,સાબરકાંઠા,ડાંગ આહવા,વડોદરા,ગોધરા, દાહોદ,નર્મદા,ભરૂચ,સુરત,તાપી,વલસાડ અને નવસારીના કુલ–૫૪ તાલુકાઓના નિશ્ચિત કરાયેલ પોકેટસ/કલસ્ટર્સ કાર્ડ ધારકોને રીફાઈન્ડ આયોડીન યુકત મીઠું પ્રતિ કિલો રૂા.૧.૦૦ ના રાહત દરે કાર્ડદીઠ એક કિલોના પ્રમાણમાં વિતરણ કરવાનું નકકી કરેલ છે. આ અંગે થનાર ખર્ચ સામે રાજ્ય સરકારશ્રી ધ્વારા નિગમને સબસીડી પુરી પાડવામાં આવે છે. સરકારશ્રી ધ્વારા નીચેની વિગતે બજેટ ગ્રાન્ટ ફાળવણી કરેલ છે. જેની ખરીદી અને વિતરણની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | બજેટ જોગવાઈ (રૂા.) | રીફા.આયો.મીઠાની ખરીદી(મે.ટન) | વિતરણ (મે.ટન) | મળેલ સબસીડી રકમ(રૂા.) |
|---|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૦૦ લાખ | ૫૭૬૧ | ૫૧૯૩ | ૧૦૦ લાખ |

**(બ) બિન આદિવાસી વિસ્તારો :–**

રાજ્ય સરકારના તા.૦૨/૦૯/૨૦૦૯ ના ઠરાવથી બિન આદિવાસી વિસ્તારોના તમામ જિલ્લાઓ અને તાલુકા ગોડાઉનોએથી અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકોને પ્રતિમાસ કાર્ડદીઠ ૧ કિલોગ્રામ લેખે રીફા.આયો.મીઠાનો જથ્થો રાહત દર પ્રતિ કિલો રૂા.૧/– ના ભાવથી વિતરણ કરવાનું ઠરાવેલ છે. વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન થયેલ ખરીદી અને વિતરણની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | બજેટ જોગવાઈ (રૂા.) | રીફા.આયો.મીઠાની ખરીદી(મે.ટન) | વિતરણ (મે.ટન) | મળેલ સબસીડી રકમ(રૂા.) |
|---|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૪૦ લાખ | ૧૦૧૮૦ | ૧૦૯૦૩ | ૨૪૦ લાખ |

સંકલિત બાળ વિકાસ યોજના (I.C.D.S.) હેઠળ નીચેની વિગતે રીફા.આયો.મીઠાના જથ્થાની ખરીદી અને વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

| વર્ષ | ખરીદી જથ્થો(મે.ટન) | વિતરણ જથ્થો(મે.ટન) |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૫૩૩૭ | ૫૩૮૨ |

વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન અન્ય કલ્યાણકારી યોજનાઓનું વિતરણ નીચે મુજબ છે.

| યોજના | અનાજની જાત | વિતરણ (૨૦૧૧–૧૨) |
|---|---|---|
| M.D.M. | તુવેરદાળ | ૪૧૬૫.૦૨ |
| M.D.M. | મગદાળ | ૪૯૩૬.૧૦ |
| M.D.M. | ચણાદાળ | ૨૪૦૦.૫૩ |
| M.D.M. | ન્યુટ્રી કેન્ડી(પેકેટ) | ૨૮૦૫.૦૦ |
| M.D.M. | ઘઉં | ૪૦૧૫૭.૬૦ |
| M.D.M. | ચોખા | ૪૫૦૬૨.૦૦ |
| I.C.D.S. | ન્યુટ્રી કેન્ડી(પેકેટ) | ૩૦૬૬૫૬ |
| I.C.D.S. | ચણા | ૦૦ |
| I.C.D.S. | ઘઉં | ૫૩૪૪૭.૪૨ |
| I.C.D.S. | ચોખા | ૦૦ |

**(૧૦) ખાદ્યતેલ :–**

સરકારશ્રી ધ્વારા દર વર્ષે તહેવારોમાં રાહત ભાવે ખાદ્યતેલ માટે બફર સ્ટોક ખરીદી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧–૧૨ માટે રાજ્ય સરકારે ૧૨૦૦૦ મે.ટન આર.બીડી.પામોલીન તેલનો બફર સ્ટોક કરવાનું નકકી કરેલ અને તે અન્વયે ગુ.રા.ના.પુ.નિ.લી.મારફત ખરીદીની કાર્યવાહીએ કેન્દ્રની યોજના હેઠળ એમ.એમ.ટી.સી. મારફત આર.બી.ડી.પામોલીન તેલ ૧ લીટર પાઉચ પેકીંગમાં પ્રાપ્ત કરી માહે ઓગસ્ટ અને નવેમ્બર અંતિત તહેવારો અન્વયે બીપીએલ તથા અંત્યોદય કાર્ડધારકોને પ્રતિ ૧ લીટરના પ્રમાણ મુજબ રાહત ભાવે વિતરણ કરેલ છે. વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન વિતરણ થયેલ જથ્થો અને રાજ્ય સરકારે ભોગવેલ સબસીડીની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ખાદ્યતેલ (મે.ટનમાં) | રાજ્ય સરકારે ભોગવેલ સબસીડી (રૂા.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૧૯૬૮ | ૨૧.૩૩ |

**(૧૧) મધ્યાહન ભોજન યોજના (મ.ભો.યો.)**

કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર સંચાલીત મધ્યાહન ભોજન યોજના હેઠળ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.,ઘંઉ–ચોખા,ખાધ્ય તેલ અને કઠોળની પ્રાપ્તી અને સંગ્રહની કામગીરી કરે છે. કેન્દ્ર સરકારની યોજનામાં ધીરણ–૧ થી ૫ માં ભણતાં બાળકો માટે ઘંઉ–ચોખાનો જથ્થો વિના મુલ્યે ફાળવવામાં આવે છે, જયારે ધોરણ ૧ થી ૭ ની અન્ય જરૂરીયાત માટે કઠોળ અને ખાધ્યતેલની ખરીદી નિગમ ધ્વારા હાથ ધરવામાં આવે છે.

(વિતરણ આંકડા મે.ટનમાં)

| વર્ષ | કપાસીયા તેલ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૭૪૮૮ |

**(૧૨) સંકલિત બાળ વિકાસ યોજના(આઈ.સી.ડી.એસ.)**

આંગણવાડીના બાળકો તથા સગાર્ભા સ્ત્રીઓલ ધાત્રી માતાઓને પોષણયુકત આહાર મળી રહે તે માટે આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા ઘંઉ–ચોખાની ફાળવણી કરવામાં આવે છે. નિગમ ધ્વારા ઘંઉમાંથી ફોર્ટીફાઈડ આટો તૈયાર કરાવી આંગણવાડી કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજનાની જરૂરીયાત મુજબ ચણા,કપાસીયા તેલ, ન્યુટ્રી કેન્ડી અને આયોડીનયુકત મીઠાનું નિગમ ધ્વારા મુકત બજારમાંથી જાહેર ટેન્ડર પ્રક્રિયા મારફત ખરીદી કરી ઉપલબ્ધ કરી વિતરણ કરવામાં આવે છે.

(વિતરણ આંકડા મે.ટનમાં)

| વર્ષ | કપાસીયા તેલ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૩૦૭ |

મુદ્દા નં. ૬.

## ગ્રાહક તકરાર નિવારણ કમિશન,ગુજરાત રાજય, અમદાવાદ

### વાર્ષિક વહીવટ અહેવાલ, વર્ષ : ૨૦૧૧-૨૦૧૨

ગ્રાહક તકરાર નિવારણ ફોરમોની રચના ૧૯૮૬ ના કન્ઝયુમર પ્રોટેકશન એકટ હેઠળ કરવામાં આવેલ છે આ ફોરમોની રચનાથી ગ્રાહકોને લગતી ફરીયાદોનો ઝડપથી અને સરળતાથી તેમજ ઓછાખર્ચે ન્યાય ઉપલબ્ધ થાય તે માટે દિવાની અદાલતના વિકલ્પ રૂપે કરવામાં આવેલ છે. ગુજરાતમાં વર્ષ ૧૯૮૯ થી ગ્રાહક તકરાર નિવારણ કમિશન કાર્યરત થયેલ છે વર્ષ ૧૯૮૯ થી શરૂઆતમાં સાત જિલ્લા ફોરમો કાર્યરત કરવામાં આવેલ હતા ત્યારબાદ કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થતા હાલમાં કુલ ૨૬ જિલ્લા ફોરમો સ્વતંત્ર રીતે અને ૫ જિલ્લા ફોરમો નજીકના જિલ્લા ફોરમો સાથે કલબીગમાં છે. દાહોદ પંચમહાલ જિલ્લા ફોરમ સાથે, નર્મદા ભરૂચ જિલ્લા ફોરમ સાથે, પોરબંદર જુનાગઢ ફોરમ સાથે, ડાંગ વલસાડ જિલ્લા ફોરમ સાથે અને તાપી સુરત જિલ્લા ફોરમ સાથે કલબીગમાં ચાલે છે. આમ, કુલ ૩૧ જિલ્લા ફોરમો કાર્યરત છે.

ગ્રાહક સુરક્ષા ધારાની આ ન્યાયીક કોર્ટની કામગીરી માટે દરેક સ્તરે ત્રણ સભ્યોની નિમણુંક કરવામાં આવે છે. જેમાં એક મહિલા સભ્ય ફરજીયાત છે.

જિલ્લા ફોરમ ખાતે કુલ ત્રણ સભ્યોની નિમણુંક કરવામાં આવે છે તે પૈકી એક પ્રમુખશ્રી તરીકે જિલ્લા ન્યાયાધિશ કક્ષાના કાર્યરત કે નિવૃત્ત જયુડીશીયલ ઓફિસર ઉપરાંત ૨ બિન સરકારી સભ્યો અને તેવી રીતે કમિશનમાં પ્રમુખશ્રી તરીકે નામ.હાઈકોર્ટ સીટીગ અથવા રીટાયર્ડ જજશ્રીની નિમણુંક કરવામાં આવે છે અને ૨ બિન સરકારી સભ્યશ્રીઓની નિમણૂક કરવામાં આવે છે. તે જ પ્રમાણે નેશનલ કમિશનના પ્રમુખશ્રી તરીકે નામ.સુપ્રિમ કોર્ટના સીટીગ અથવા રીટાયર્ડ જજશ્રીની નિમણુંક કરવામાં આવે છે અને ૨ બિન સરકારી સભ્યશ્રીઓની નિમણુંક કરવામાં આવે છે.

બિન સરકારી સભ્યોની નિમણૂક રાજય કમિશન ધ્વારા અખબારમાં જાહેરાત આપી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવી ઈન્ટરવ્યુ યોજી માન.પ્રમુખશ્રી, રાજય કમિશન, અધ્યક્ષ – સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, તથા સચિવશ્રી, કાયદો એમ ત્રણ સભ્યશ્રીઓની બનેલી પસંદગી સમિતિ ધ્વારા લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરી અને રાજય સરકારશ્રીને નિમણૂક માટે ભલામણ કરવામાં આવે છે. જયારે જયુડીશીયલ સભ્ય તરીકે નિમાતા સભ્યો તથાજિલ્લા ફોરમના પ્રમુખશ્રીઓના નામ તેમની

નિમણુક કરવા રાજય સરકારશ્રીને ઉપરોકત પસંદગી સમિતિ ધ્વારા થયેલ ભલામણથી, કરવામાં આવે છે.

ગ્રાહક અદાલતોમાં ઉત્પાદકીય તેમજ સેવાકીય ખામી અંગેની ગ્રાહકોની તકરારો નિરાકરણ માટે આવતી હોય છે. જેમાં મુખ્યત્વે કન્ઝયુમર ગુડઝ, ટેલીફોન સેવા, ઈલેકટ્રીસીટી સેવા, જીવન વીમો અને સામાન્ય વીમો, તબીબી બેદરકારી નાણાકીય સંસ્થાની સેવામાં બેદરકારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સેવા તથા બાંધકામ સેવામાં ખામી વગેરે અંગેના કેસો મુખ્યત્વે હોય છે. ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ગ્રાહક સુરક્ષા ધારાની ફરીયાદોના નિવારણ માટે ત્રિસ્તરીય ન્યાયીક પ્રકારના સ્વરૂપમાં છે રૂા.૨૦ લાખ સુધીના કેસો જિલ્લા ફોરમોમાં તથા રૂા. ૨૦ લાખથી ૧ કરોડ સુધીની ફરીયાદો કમિશનમાં તથા રૂા. ૧ કરોડ થી ઉપર રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચ, નવી દિલ્હી ખાતે દાખલ કરવામાં આવે છે. ફોરમોના કેસોના હુકમ સામે અપીલો રાજય કમિશનમાં અને રાજય કમિશનના હુકમ સામેની અપીલો નેશનલ કમિશન ખાતે દાખલ થાય છે અને નેશનલ કમિશનના હુકમ સામે નામ. સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવાની જોગવાઈ છે.

છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા ફોરમોમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો છે.

| કેલેન્ડર વર્ષ | દાખલ | નિકાલ | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૯૪૧૮ | ૭૮૯૫ | ૮૩.૮૨ % |
| ૨૦૦૯ | ૯૯૭૯ | ૯૬૩૬ | ૯૬.૫૬ % |
| ૨૦૧૦ | ૮૯૧૭ | ૧૨૨૦૪ | ૧૩૬.૮૬ % |
| ૨૦૧૧ | ૮૦૨૭ | ૧૦૪૮૪ | ૧૩૦.૬૧ % |
| ૨૦૧૨ | ૭૮૪૩ | ૧૨૦૧૦ | ૧૫૩.૧૩ % |
| કુલ કેસો | ૪૪૧૮૪ | ૫૨૨૨૯ | ૧૧૮.૨૦ % |

છેલ્લા પાંચ વર્ષમાં રાજય કમિશનમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો છે.

| કેલેન્ડર વર્ષ | દાખલ | નિકાલ | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૮ | ૨૪૨૮ | ૧૭૩૯ | ૭૧.૬૨ % |
| ૨૦૦૯ | ૨૨૪૮ | ૨૫૧૬ | ૧૧૧.૯૨ % |
| ૨૦૧૦ | ૩૧૪૪ | ૩૦૮૪ | ૯૮.૦૯ % |
| ૨૦૧૧ | ૨૪૨૨ | ૨૬૭૧ | ૧૧૦.૨૮ % |
| ૨૦૧૨ | ૫૫૮૯ | ૩૪૧૭ | ૬૧.૧૩ % |
| કુલ કેસો | ૧૫૮૩૧ | ૧૩૪૨૭ | ૮૪.૮૧ % |

નોંધ :–

સને ૨૦૧૧ની સરખામણીમાં ૨૦૧૨મા દાખલ થયેલ કેસોની સંખ્યામાં ૧૩૦.૭૫% વધારો થયેલ છે તથા નિકાલ કેસોની સંખ્યામાં ૨૭.૯૨% નો વધારો થયેલ છે.

કોન્ફોનેટ (Computerization and Computer Networking of Consumer forums in countary) પ્રોજેકટ એક અગત્યનો કમ્પ્યુટરરાઈઝ નેટવર્કીંગ સીસ્ટમ છે જેમાં રોજબરોજના કેસીસ અપલોડ થાય છે. કેસ સ્ટેટસ પણ જણાવવામાં આવે છે. હાલ તા.૩૧–૩–૨૦૧૨ અંતે કુલ કોન્ફોનેટ પ્રોજેકટ હેઠળ કેસોની એન્ટ્રી ૧,૮૩,૭૯૩ થયેલ છે. જયારે ઓનલાઈન અપલોડ જજમેન્ટ ૫૪,૫૩૧ થયેલ છે.

સુરત અને વડોદરા ખાતે ડીસેમ્બર, ૨૦૧૨ માં લોકઅદાલત કરવામાં આવેલ હતી જેમાં ૩૧૭ પૈકી ૨૯૦ કેસોનો નિકાલ થયેલ છે જયારે ૨૩ કેસોમાં પક્ષકારો હાજર રહેલ નથી. આ ૨૩૩ કેસોમાં સમાધાન રૂએ ગ્રાહકોને રૂા.૭૫,૦૩,૮૮૯/– ચુકવવામાં આવેલ છે. ફેબ્રુઆરી–૨૦૧૩ અને માર્ચ–૨૦૧૩ દરમ્યાન રાજયના જુદા જુદા કુલ ૨૨ ફોરમોમાં લોકઅદાલતો યોજવામાં આવેલ અને તેમાં ૩૮૨ કેસોનો નિકાલ કરેલ અને રાજય કમિશન ખાતે ડીસેમ્બર–૧૨માં યોજાયેલ લોકઅદાલતમાં ૩૨ કેસોનો નિકાલ કરવામાં આવેલ. આમ કુલ ૭૦૪ ગ્રાહકોના કેસોના નિકાલમાં અનોખી સિધ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.

આમ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા ફોરમોના આંકડા જોતા દાખલ થયેલ કેસોના પ્રમાણમાં નિકાલ થયેલ કેસોમાં ઘણો વધારો થયેલ છે. રાજય કમિશનમાં પણ છેલ્લા પાંચ વર્ષમાં દાખલ થયેલ કેસોના પ્રમાણમાં નિકાલ કેસોની સંખ્યામાં વધારો થયેલ જણાય છે. જિલ્લા ફોરમોમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૫૨,૨૨૯ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષોમાં ૪૪૧૮૪ દાખલ કેસોના પ્રમાણમાં નીકાલ કેસોમાં સરેરાશ ૧૧૮.૨૦ % નો નીકાલ નોંધાયેલ છે. એટલે કે ખરેખર છેલ્લા પાંચ વર્ષમાં આટલા મોટા પ્રમાણમાં કેસોનો નિકાલ બતાવે છે કે કેસોના નિકાલમાં તંત્રને સફળતા મળેલ છે.

કોન્ફોનેટ પ્રોજેકટ અન્વયે ગ્રાહક ફોરમોમાં અને રાજય કમિશનમાં ચાલતા તમામ કેસોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલુ છે અને આ કેસોની મુદતો એટલે કે કોઝ લીસ્ટ પણ ઓનલાઈન જાહેર કરવામાં આવે છે કેસોને લગતુ સ્ટેટસ પણ ઓનલાઈન અપડેટ કરવામાં આવે છે અને સાથે

સાથે જયારે કેસોનો નિકાલ થાય ત્યારે તે અંગેના જજમેન્ટો પણ ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૪,૫૩૧ જેટલા જજમેન્ટો અપડેટ કરવામાં આવેલ છે. અને તેના કારણે લોકોને પ્રજાજનોને પોતાના ગ્રાહક ફોરમોમાં ચાલતા કેસોનું સ્ટેટસ મુદતો અને તેના જજમેન્ટસની ઓનલાઈન માહિતી મેળવી શકે છે. અને તેના કારણે કેસોના નિકાલમાં પણ ઘણી સરળતા ઉભી થઈ છે. (www.confonet.nic.in)

મુદ્દા નં-૬ અંગેની વિગતો:-
********************

(૧) વિભાગની બધી શાખાઓમાં સેકશન અધિકારી / નાયબ સેકશન અધિકારીઓને જીસ્વાન કનેકટીવીટી પુરી પાડવામાં આવેલ છે. દરેકને અલગ કોમ્પ્યુટર આપવામાં આવેલ છે. તે અંગે આ કાર્યવાહી વિભાગ કક્ષાએ પૂર્ણ થઇ ગયેલ છે.

(૨) વિભાગમાં સર્વે અધિકારી / નાયબ સેકશન અધિકારી / કારકુન / ટાઇપીસ્ટોને એક એક કોમ્પ્યુટર જીસ્વાન કનેકટીવીટી સાથે આપવામાં આવેલ છે. દરેક કર્મચારી / અધિકારીઓને તે અંગેના પાસવર્ડ અને આઇ.ડી આપવામાં આવેલ છે. તે ઉપરાંત IWDMS સોફ્ટવેરથી દરેક કોમ્પ્યુટર જીસ્વાન કનેકટીવીટીને કારણે સજ્જ થયેલ છે. એટલે કોમ્પ્યુટર પર કામગીરી કરવાની સરળ બની છે.

(3) આ વિભાગની વેબસાઇટ ડેવલોપ થયા બાદ તા.૧૯-૯-૦૭ થી પરિપત્ર કરીને સર્વે ખાતાના વડા તથા વિભાગની બધી શાખાઓ તથા બધા અધિકારીઓને વેબસાઇટ નિયમિત પણે ચકાસતા રહેવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. એ મુજબ વેબંસાઇટમાં જે જે ફેરફાર કરવા પાત્ર હોય તે થયા કરે તેવું વ્યવસ્થા તંત્ર ગોઠવાયેલું છે.

(૪) વિભાગના અધિકારી / કર્મચારીઓને સમયાંતરે સી.સી.સી./સી.સી.સી.પ્લસની તાલીમ માટે મોકલવામાં આવે છે.

(૫) વિભાગના અધિકારી / કર્મચારીઓને સમયાંતરે ભાષા નિયામકશ્રીની કચેરીના ઓપ વર્ગની તાલીમ માટે મોકલવામાં આવે છે.

(૬) વિભાગના અધિકારી/કર્મચારીઓને સમયાંતરે સ્પીપા અમદાવાદ ખાતે આપવામાં આવતી દરેક તાલીમમાં મોકલવામાં આવે છે.

(૭) વિભાગના કર્મચારીઓને વખતોવખત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી અંગ્રેજી ભાષાની તાલીમમાં મોકલવામાં આવે છે.

(૮) વિભાગના કર્મચારીઓને બઢતી માટેની ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલવામાં આવે છે.

વિભાગ દ્વારા અપીલ/રીવીઝન અરજીઓની કામગીરીની વિગતો નીચે મુજબ છે.

(વર્ષ ૨૦૧૧ – ૧૨ )

- <u>રીવીઝન કેસની વિગતો</u>

| <u>કુલ કેસ</u> | <u>નિકાલ કેસ</u> | <u>બાકી કેસ</u> |
|---|---|---|
| ૧૩૯ | ૧૨૬ | ૧૩ |

- અપીલ કેસ (નવી દુકાન માટેના) ની વિગતો

| <u>કુલ કેસ</u> | <u>નિકાલ કેસ</u> | <u>બાકી કેસ</u> |
|---|---|---|
| ૪૦ | ૩૭ | ૦૩ |